॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૮૪ - ફેબ્રુઆરી ૨૦૧૮

રૂા. ૫/૦૦

## શ્રી સ્વામિનારાયણ નૂતન કન્યા વિદ્યામંદિરનો ઉદ્‌ઘાટન મહોત્સવ - માંડવી પીયાવા


















# શ્રી સ્વામિનારાયણ નૂતન કન્યા વિદ્યામંદિરનો ઉદ્‌ઘાટન મહોત્સવ - માંડવી પીયાવા


















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૭ અંક-૧૦ ફેબ્રુઆરી-૨૦૧૮
સળંગ અંક-૩૮૪

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૧૩ |
| શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ - ૪ | ૧૪ |
| ભાયાવદરનાં લીલીબાઈ | ૧૫ |
| જીવો ખાચર | ૧૭ |
| સંસ્કારી બાળક | ૧૭ |
| સત્સંગ સમાચાર દેશ | ૧૮ |
| સત્સંગ સમાચાર વિદેશ | ૧૯ |
| બાલ સંદેશ : સંતદાસજીની સમાધિ | ૩૨ |
| શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી | ૩૪ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે



પ્રિય હરિભક્તો આપને હવે તો શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશનું વળગણ થઈ ગયું જ હશે. એકાદ બે દિવસ અંક મોડો મળે કે ટપાલમાં આમતેમ થાય તો આપ ઊંચાનીચા થઈ જતા હશો. કાગડોળે આપ સૌ ધર્મસંદેશની રાહ જોતા હશો. દૂર અંતરના હરિભક્તો અને પરદેશ વસતા શ્રીહરિ ભક્તો ધર્મસંદેશના માધ્યમથી શ્રી નરનારાયણદેવ ભુજ ધામનું સાંનિધ્ય પામી શકતા હશો જાણે કે જાતે પંડે ભુજ ધામના દર્શન પામી કૃતાર્થ થઈ ગયા હો. આપને મળતું આ અલૌકિક સુખ આપના ચિરપરિચિતોને પણ મળે તેવું કરશો. આ કાર્ય પણ ભગવદ્‌ભજન જેટલું જ ઉત્તમ કાર્ય છે. હરિભજન જેટલું જ પુણ્ય સદ્‌વાચનથી પણ પ્રાપ્ત થાય છે. આવનારી પેઢીમાં સંસ્કારોનું સિંચન પણ ઉત્તમપ્રકારના વાચનથી કરી શકાય છે. આપણે આપણા સંતાનોને વારસામાં ધન, સંપત્તિ, ઘર મકાન, વાડી, વજીફા, ધંધોધાપો આપીએ તેની સાથે સારા સંસ્કારો પણ સંતાનોને આપીએ. શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના વાચનની લત આપણા દીવાન ખંડમાં બીજા સામયિકો, વર્તમાનપત્રો વગેરે મૂકીએ તેની સાથે શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને પણ અચૂક મૂકીએ. આપણે ત્યાં આવનારા મહેમાનો પણ તેના દર્શન, વાચનથી પાવન થાય તો એના પુણ્યનો અમુક અંશ આપણને પણ પ્રાપ્ત થાય છે.

ભક્તજનો આ વખતે શિવરાત્રીનો પર્વ આવે છે. શ્રીજી મહારાજે આપણને શિક્ષાપત્રીમાં આદેશ આપેલ છે કે ''નારાયણ અને શિવજી એ બેયને બ્રહ્મરૂપે જાણવા'' શિવરાત્રીનું વ્રત આદર થકી કરવું. અને વ્રતને દિવસે મોટો ઉત્સવ કરવો. શ્રાવણ માસની જેમ જ બિલ્લીપત્ર, ફૂલો, પંચામૃતથી શિવજીનું પૂજન અર્ચન કરવું. શ્રીજી મહારાજનો આપણને આશ્રિતોને આદેશ છે કે, ''અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવને પૂજ્યપણે કરીને માનવા.'' એ આદેશાનુસાર શિવરાત્રીએ શિવજીનું પૂજન અર્ચન ચોક્કસપણે ભક્તિભાવ સાથે કરવું.

શિક્ષાપત્રી, વચનામૃત વગેરે શ્રીજીના આદેશોને શ્રધ્ધાપૂર્વક વાંચવા. આપણા શાસ્ત્રોના સંદેશ વાહક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને પણ અચૂક વાંચવો. આપણા શાસ્ત્રો આપણને ધર્મ, અર્થ, કામ અને મોક્ષના ચાર પુરુષાર્થનો આદેશ આપે છે.

કોઈ પણ આપત્કાળે પણ સ્વધર્મ એટલે કે શ્રીજીના શરણનો ત્યાગ ન કરવો. આચાર્યશ્રી, સંતોના વચનોમાં રહેવું. નિયમિત મંદિરે દર્શનાર્થે જવું. કથાવાર્તાઓ સાંભળવી. આ જીવના ઈહલોક અને પરલોકના કલ્યાણાર્થે સત્કાર્યો કરવાં. ધનસંપત્તિ પણ આપણે દરેક ક્રિયાઓ શ્રીજી નિહાળે છે. એ ધ્યાને રાખી સદ્‌માર્ગેથી જ કમાઈએ. ધર્માદો કાઢવો, દશાંશ કાઢવો, સત્કાર્યો માટે ધન ખર્ચવું. ગૌરક્ષા, ધર્મરક્ષા તેમજ સર્વજીવ હિતાર્થે શિક્ષણના વિકાસાર્થે ધનનો અમુક ભાગ ખર્ચવો, વંશની રક્ષાર્થે, સંતાન પ્રાપ્ત કરવા તેમને સુસંસ્કારો આપી ભણાવવા તેમજ જીવન નિર્વાહના કાર્યો કરવા પ્રેરવા. પિતૃઓના ઉધ્ધાર્થે તેમજ આ જીવનો પરલોક સુધારવા અર્થે ભગવદ્ ભજન નિયમિત કરવું.

જય શ્રી સ્વામિનારાયણ !

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ -૫

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - ભુજ

**અમારો સિદ્ધાન્ત વિશિષ્ટાદ્વૈત છે.**

સિદ્ધાન્તના વિષયમાં શ્રીરામાનુજાચાર્ય દ્વારા પ્રતિપાદિત તત્ત્વનિર્ણય અને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તને સ્વયં શ્રીહરિએ પોતાના સિદ્ધાન્તના રૂપમાં સ્વીકાર કર્યો છે. ગયા અંકમાં સંપ્રદાયના શાસ્ત્રોના અનેક પ્રમાણો સાથે આપણે જોયું કે શ્રીહરિએ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તને પોતાના સિદ્ધાન્તના રૂપમાં સ્વિકાર્યો છે. આ અંકમાં પણ બીજાં પ્રમાણો સાથે જોઈએ કે શ્રીરામાનુજ અને શ્રીહરિનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત એકજ છે તેમાં કોઈ ભેદ નથી.

આ પ્રમાણે શ્રીહરિના શિષ્ય શિવરામ વિપ્રની સાથે વાર્તાલાપ સમયે ગુરુ શ્રીરામાનંદ સ્વામીના જીવન ચરિત્રનું વર્ણન કરતાં કહ્યું છે-

**रामानुजकृतान् ग्रन्थांस्त्वध्यात्मज्ञानसिद्धये ।**
**तानेव रक्षन् भगवद्धर्मं प्रावर्तयत्पुनः ॥** (स.जी.)

અધ્યાત્મજ્ઞાનની સિદ્ધિ માટે શ્રીરામાનુજ દ્વારા રચિત ગ્રન્થો ભણવા જોઈએ. તે ગ્રન્થોમાં જે સિદ્ધાન્ત બતાવ્યો છે તેનું અનુસરણ કરતા થકા ભાગવતધર્મની પુનઃ સ્થાપના કરે છે. આ વચનોથી સિદ્ધ થાય છે કે તત્ત્વનિર્ણયમાં શ્રીરામાનુજ અને શ્રીહરિનો સિદ્ધાન્ત એક જ છે.

સર્વમંગલસ્તોત્રમાં [૧] **''विशिष्टाद्वैतमतधृतः''** વડતાલવાસી શાસ્ત્રી સ્વામી હરિજીવન દાસજી આ મંત્રની વ્યાખ્યા આ પ્રમાણે કરતાં કહે છે 'શ્રીરામાનુજાચાર્યે શ્રુતિસ્મૃતિસૂત્રના પ્રમાણોથી પ્રતિપાદિત વિશિષ્ટાદ્વૈત નામના મતને અમે સ્વકીય મતના રૂપમાં સ્વીકાર્યો છે.' [૨]

**''श्रीरामानुजकृतग्रन्थश्रुतिपाठप्रर्वतकः''**

શ્રીરામાનુજાચાર્ય વિરચિત શ્રીભાષ્ય અને ગીતાભાષ્યાદિ ગ્રંથોનું શ્રવણ પઠન પોતાના ભક્તોમાં પ્રવૃત કરનાર આવું શ્રીહરિનું નામ છે. તથા ચ -

**''वेदादिसच्छास्त्रगणं च मूलं प्रबन्धजातं परिपोषकं च।**
**रामानुजाचार्यकृतं स मेने स्वसम्प्रदास्यस्य हरिस्तु साक्षात्'' ॥**

શ્રીહરિ કહે છે ઉદ્ધવ સંપ્રદાયના બધાં શાસ્ત્રોનું મૂળ શ્રીરામાનુજાચાર્ય દ્વારા રચિત ગ્રન્થો છે. આ પ્રમાણે અનેક સંપ્રદાયના અનેક શાસ્ત્રોના અનેક પ્રમાણોથી સિદ્ધ થાય છે કે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તમાં અને તત્ત્વનિર્ણયમાં ભગવાન શ્રીહરિનો સિદ્ધાન્ત શ્રીવૈષ્ણવ સંપ્રદાયના સિદ્ધાન્તથી બિલકુલ અલગ નથી.

**''चिदचिदीश्वररात्मकं तत्त्वत्रयमभिमतं श्रीहरेः जगद्ब्रह्मणोः शरीरात्मभावश्च परतत्त्वविषये रामानुजमतान्न स्वमतस्य भेद इति''** । (हरिवाक्य सुधासिन्धु)

ભગવાન શ્રીહરિ દ્વારા સ્વીકૃત ચિત્-અચિત્-ઈશ્વર આ ત્રણ તત્ત્વોના નિર્ણયના વિષયમાં તથા જગત્ અને બ્રહ્મના શરીર-શરીરીભાવના વિષયમાં શ્રીરામાનુજ સિદ્ધાન્તથી શ્રીહરિનો સિદ્ધાન્ત જુદો નથી.

તેવી રીતે ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીના ગુરુ શ્રીરામાનુજાચાર્ય છે એનું વર્ણન હરિવાક્યસુધાસિન્ધુમાં આ પ્રમાણે કરવામાં આવ્યું છે.

**सम्प्रदायस्तथाऽभीष्टग्रन्था गृहिसतां वृषाः ।**
**इष्टदेवश्चेति सम्यक् बोध्यं सत्सङ्गिपूरुषैः ॥**
**तत्राद्यः सम्प्रदायस्तु स्वगुरूणाम्परम्परा ।**
**गुरुस्तत्रादिमो ज्ञेय उद्धवोऽध्वप्रवर्त्तनात् ।**
**बोध्यः स रामानन्दो हि कृष्णार्पितगुरुत्वधूः ।**
**स्वामिनस्तस्य च ज्ञेयः साक्षाद् रामानुजो गुरुः ।**
**श्रीरङ्गाख्ये महाक्षेत्रे समाधौ स गुरोस्ततः ।**
**प्राप्तवान् वैष्णवीं दीक्षां तस्य शिष्यो भवाम्यहम् ।**
**मयाऽयोध्याप्रसादे च रघुवीरे सुते स्विका ।**
**धर्मवंश्येऽस्ति निहिता गुरुतेति गुरुक्रमः ॥**

(हरिवाक्यसुधासिन्धु वडतालतरङ्ग १८ श्लोक ५-६-७-८-९)

વડતાલના ૧૮માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે -

**"સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણવી જોઈએ ? કેમજે, તેને કોઈક પૂછે અથવા પોતાના મનમાં કોઇક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું સમાધાન કેમ થાય ?"**

આ વચનામૃતમાં એક પ્રશ્ન ગુરુપરંપરા જાણવાના વિષયમાં છે.**"तत्राद्यः सम्प्रदायस्तु स्वगुरूणां परम्परा"**। ગુરુ પરંપરાનો ક્રમ બતાવવામાં આવ્યો છે કે - શ્રીરામાનંદ સ્વામીના ગુરુ શ્રીરામાનુજાચાર્ય છે અને અમે શ્રીરામાનંદ સ્વામીના શિષ્ય છીએ અને અમે ધર્મવંશીય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રીરઘુવીરજી મહારાજને સંપ્રદાયના ગુરુસ્થાને સ્થાપિત કર્યા છે. આજ ગુરુક્રમ છે. આ પ્રમાણે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત અને ગુરુક્રમ પૂર્વાચાર્યોથી પ્રવર્તિત થયો છે.

વચનામૃતમાં શ્રીજી મહારાજ પોતાની રૂચિ સ્પષ્ટ કરતાં કહે છે -

**"અને એ સર્વે જે અમારો અભિપ્રાય તે થોડાકમાં લ્યો કહીએ જે, જેવી રીતે શંકરસ્વામીએ અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે, તેને વિષે તો અમારે રુચિ નથી. તથા રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર અક્ષર થકી પર જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરૂપણ કર્યું છે તે પુરુષોત્તમ ભગવાનને વિષે તો અમારે ઉપાસના છે. તથા ગોપીયોના જેવી તો એ પુરુષોત્તમ ભગવાનને વિષે અમારે ભક્તિ છે તથા શુકજીના જેવો તથા જડભરતના જેવો તો અમારે વૈરાગ્ય છે ને આત્મનિષ્ઠા છે. એવી રીતે અમારો અભિપ્રાય તથા રુચિ છે, તે અમારી વાર્તાએ કરીને તથા અમે માન્યા જે અમારા સંપ્રદાયના ગ્રંથ તેણે કરીને જો પૂર્વાપર વિચારીને જુવે તો જે બુદ્ધિવાન હોય તેના જાણવામાં આવે છે." એવી રીતે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજીમહારાજે વાર્તા કરીને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે.** (વ.લોયા.૧૪) આ પ્રમાણે ઉપાસ્યદેવની સ્પષ્ટતા બતાવી છે.

**"श्रीरामानुजाचार्यमतश्चोपास्यः पुरुषोत्तमः"** આ પ્રમાણે ઉદ્ધવ સંપ્રદાયમાં શ્રીરામાનુજ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત, ઈશ્વર ઉપાસના અને ભક્તિને પૂર્ણરૂપથી સ્વીકાર કરીને શ્રીરામાનંદ સ્વામીએ **'ઉદ્ધવ'** નામથી નૂતન સંપ્રદાયની સ્થાપના કરી.

**-: ઉદ્ધવ સંપ્રદાયની પૂર્વ ભૂમિકા :-**

સદ્ગુરુ શ્રીરામાનંદ સ્વામીજીનો જન્મ **વિક્રમ સંવત ૧૭૯૫માં** અયોધ્યા(યુ.પી)માં થયો હતો. બાળપણથી અતિ વૈરાગ્યવાન્ અને પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કરવાની તીવ્ર જીજ્ઞાસા **વાળા હતા તેથી તેઓ એક શ્વેત વસ્ત્રધારી રામાનંદી વૈષ્ણવ સાધુ હતા. શ્રીહરિના પિતા જે ધર્મદેવ તેમના ગુરુ હતા. સાક્ષાત્** ભગવાનનાં **દર્શન કરવાની ઈચ્છાથી** ઘરનો ત્યાગ કરીને સાચાગુરુની શોધમાં નીકળ્યા. તીર્થાટન કરતા કરતા **તેઓ દ્વારકા આવ્યા. ત્યારે સૌરાષ્ટ્રમાં સુપ્રસિદ્ધ સ્વામી આત્માનન્દથી પ્રભાવિત થઈને એમની પાસે સાધુ દીક્ષા લીધી અને તેમના શિષ્ય બન્યા. ગુરુ પાસે ઘણો સમય રહીને યોગ સાધનાઓ કરી અને સમાધીસુધીની સિદ્ધિઓ પણ મેળવી. ગુરુ નિર્ગુણબ્રહ્મના ઉપાસક હતા તેથી રામાનંદ સ્વામીને સમાધીમાં નિર્ગુણ બ્રહ્મનાં દર્શન થયાં તેથી સત્સંગના ઈતિહાસમાં એવું કહેવાય કે રામાનંદ સ્વામી ગુરુનો ત્યાગ કરીને તીર્થાટન કરતા કરતા** દક્ષિણ ભારતના શ્રીરંગક્ષેત્રમાં આવી પહોંચ્યા. ત્યાં શ્રીરંગનાથ ભગવાનના સાનિધ્યમાં નિવાસ કરીને રહ્યા. ત્યાં નિત્ય કાવેરીમાં સ્નાન કરીને શ્રીરંગનાથ ભગવાનનાં દર્શન અને આચાર્યોનાં દિવ્ય ચરિત્રોથી ભરપૂર એવા પ્રપન્નામૃત ગ્રંથનું વાંચન કરવા લાગ્યા.

મનોમય શ્રીરામાનુજાચાર્યને ગુરુ માનીને તેમનાં વિષે ભક્તિભાવ હોવાથી એક દિવસ સમાધિમાં સ્વયં શ્રીરામાનુજાચાર્ય દર્શન આપીને શ્રીરામાનંદ સ્વામીને પંચસંસ્કાર યુક્ત મંત્ર દીક્ષા આપીને જ્ઞાનોપદેશ કર્યો અને ઉત્તર ભારતદેશમાં જઇ વિષ્ણુભક્તિનો પ્રચાર કરો એવી આજ્ઞા કરીને અંતર્ધાન થઇ ગયા. ગુરુની આજ્ઞાનું યથાર્થ પાલન કરતા શ્રીરામાનંદ સ્વામી યાત્રા કરતા શ્રીવૃન્દાવનધામમાં પધાર્યા. વૃન્દાવનમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થયાં. શ્રીરામાનંદ સ્વામી શ્રીકૃષ્ણ ભગવાન થકી જ્ઞાનોપદેશ પામીને ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરીને વૈદિક જ્ઞાન, ભગવદ્ ભક્તિનો ઉપદેશ આપવા લાગ્યા.

**कृष्णाल्लब्धप्रबोधो जगदुपकृतये तन्निर्देशानुसारात्**
**श्रीरामानन्दरूपः पुनरपि धरणावुद्धवः प्रादुरासीत् ।**
**स श्रीकृष्णश्च भूयः प्रकटितसहजानन्ददिव्यस्वरूपस्तं**
**मेने स्वं गुरं यत् तदयमिति मतो ह्यौद्धवः सम्प्रदायः ॥**

ભગવાન શ્રીકૃષ્ણથકી જ્ઞાન પ્રાપ્ત કરીને તેમની આજ્ઞાથી જગતના ઉદ્ધાર માટે સ્વયં ઉદ્ધવજી શ્રીરામાનંદ સ્વામીના રૂપમાં પૃથ્વી પર અવતર્યા. અને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ શ્રીસહજાનંદ સ્વામીરૂપે અવતાર ધારણ કરીને શ્રીરામાનંદ સ્વામીને ગુરુ બનાવી તેમના દ્વારા સ્થપાયેલ ઉદ્ધવ સંપ્રદાયનો વિશેષ પ્રચાર કર્યો.

ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામી અને ઉદ્ધવ સંપ્રદાયની પૂર્વભૂમિકા શ્રીમદ્ ભાગવતમાં એક કથા પ્રસંગથી જ્ઞાત થાય છે.

લીલાવિભૂતિ પૂર્ણ કરતા થકા સ્વધામગમન સમયે ભગવાન શ્રીકૃષ્ણની પાસે પરમ સખા ઉદ્ધવજી અને મૈત્રેય ઋષિ આ બે સંત ઉપસ્થિત હતા. શ્રીકૃષ્ણ ભગવાને બન્નેને પોતાના પૂર્ણજ્ઞાનનો ઉપદેશ આપ્યો અને ઉદ્ધવજીને કહ્યું જ્યારે જરૂર પડશે ત્યારે આ જ્ઞાન પાછું લઈશ. આ પ્રમાણે કહીને શ્રીકૃષ્ણ સ્વધામ જવાની વાત કરી ત્યારે ઉદ્ધવજીએ કહ્યું હું આપના દર્શન વિના નહિ રહી શકું ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું તમો બદરીકાશ્રમમાં પધારો ત્યાં હું નરનારાયણ ઋષિરૂપે મળીશ. ત્યારે શ્રીકૃષ્ણની આજ્ઞાથી ઉદ્ધવજી બદરીકાશ્રમમાં ચાલ્યા ગયા. પછી શ્રીકૃષ્ણે મૈત્રેય ઋષિને કહ્યું કે તમો દિવ્યદેશોમાં વિચરણ કરો અને વિદુરજી મળે તો તેમને મારું આપેલું આ જ્ઞાન આપજો. ઉદ્ધવજી બદરીકાશ્રમમાં નિવાસ કરીને રહ્યા અને ભગવાનની આરાધના કરવા લાગ્યા. એક દિવસ ભારતવર્ષની યાત્રા કરતા કરતા મૈત્રેયાદિ અનેક ઋષિઓ બદરીકાશ્રમમાં પધાર્યા ત્યારે નારાયણઋષિએ સૌનું સ્વાગત કર્યું અને ભરતખંડવાસીઓના સુખસમાચાર પૂછ્યા ત્યારે ઋષિએ કહ્યું પ્રજા બહુ દુઃખી છે અને અધર્મના માર્ગે ચાલે છે. ત્યારે નારાયણ ઋષિ સૌને આશ્વાસન આપવા લાગ્યા, સૌનું મન ભગવાનની અમૃતવાણીમાં લીન થયું તેવામાં દુર્વાસા ઋષિ પધાર્યા અને તેમનું સ્વાગત ન થતાં નરનારાયણ ઋષિ સહિત સૌને ભરતખંડમાં મનુષ્યરૂપે જન્મ ધારણ કરવાનો શ્રાપ આપ્યો. આ ઋષિના શ્રાપને નિમિત્ત બનાવીને નરનારાયણ ઋષિ છપૈયામાં ધર્મ-ભક્તિને ત્યાં શ્રીહરિરૂપે પ્રગટ થયા અને ઉદ્ધવજી અયોધ્યામાં શ્રીરામાનંદ સ્વામી રૂપે પ્રગટ થયા તેમજ મૈત્રેયાદિક ઋષિઓ પરમહંસો રૂપે જન્મ લઈને શ્રીહરિની સેવામાં આવ્યા.

**કૃષ્ણાત્** - પરમ સખા ઉદ્ધવજી ભગવાન શ્રીકૃષ્ણ થકી જ્ઞાન પ્રાપ્ત કરીને જગતના ઉદ્ધાર માટે ભગવાનની આજ્ઞાથી પુનઃ પૃથ્વી પર શ્રીરામાનંદ સ્વામીરૂપે પ્રગટ થયા. અને સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન ધર્મની સ્થાપના કરવા માટે ભગવાન શ્રીસ્વામિનારાયણરૂપે અવતાર ધારણ કર્યો. શ્રીરામાનંદ સ્વામી દ્વારા સ્થાપિત સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાય નામે પ્રસિદ્ધ થયો. ત્યાર પછી શ્રીહરિએ દેશ-કાળ-પ્રદેશ અને સમાજની પરિસ્થિતિને અનુસરી શ્રીવૈષ્ણવ સંપ્રદાયમાંથી ઉત્સવ પદ્ધતિ અને શ્રીસંપ્રદાય (શ્રીરામાનુજ સંપ્રદાય) થકી જ્ઞાનની પરંપરા અને ભક્તોની દિનચર્યા આચાર-નિયમોને પરિસ્કૃત કરીને ઉદ્ધવ સંપ્રદાયનો સમગ્ર દેશમાં પ્રસાર કર્યો.

**ક્રમશઃ**


**"શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ"**
નું લવાજમની રકમ ઓનલાઈન બેન્કમાં જમા કરાવી શકો છો.
**બેન્ક ખાતાની વિગત :** બેન્ક ઓફ ઈન્ડિયા, ભુજ
**IFSC Code : BKID0003800**
**ખાતાનું નામ :** "શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ"
**ખાતા નં. :** ૩૮૦૦૧૦૧૦૦૦૦૭૮૨૮
**નોંધ :** નાણા ભર્યા બાદ બેન્ક સ્લીપની ઝેરોક્ષ અને નાણા ભર્યા અંગેની વિગત કાર્યાલયને મોકલવી.

# ભાયાવદરનાં લીલીબાઈ

જેવા દેવની ઉપાસના કરવામાં આવતી હોય, તેવા ગુણ-અવગુણ-લક્ષણ વગેરે ઉપાસકના વિચાર, વર્તન તથા ભાષામાં જોવા મળે છે. શક્તિના ઉપાસકોના આચાર, વિચાર, વિહાર, વ્યવહાર વગેરેમાં રૂક્ષતા, હિંસા, વ્યસનો વગેરે જોવા મળે છે. તેમની ભાષામાં કોમળતા અને તેમજ વિવેકનો અંશ જોવા મળતો નથી. રામ-શ્યામ કે ઘનશ્યામના ઉપાસકોમાં આ બાબતો જોવામાં આવતી નથી. શક્તિની પૂજા કરનારા લોકોને ખોરાકમાં કાંઈપણ વર્જ્ય હોતું નથી. તેમના યજ્ઞો એટલે હિંસાનું વરવું રૂપ હોય છે. જ્યારે સ્વામિનારાયણના ઉપાસકો, અનુયાયીઓ માટે અખાજ, અપેયની યાદી હોય છે કે આ ખવાય, આ ન ખવાય, આ પિવાય, આ ન પિવાય, હિંસાનો તો સમૂળો નિષેધ હોય છે. શક્તિપંથીઓની જ્ઞાતિ ગમે તે હોય, તેમાંય વળી વામમાર્ગી હોય તો તેઓ સાત્વિક જીવન જીવતા લોકો પ્રત્યે વૈરવૃત્તિ ધરાવતા હોય છે. ખાસ કરીને સ્વામિનારાયણીય સંતો, હરિભક્તો પ્રત્યે તેમના મનમાં ખૂબ જ દ્વેષ ભરેલો હોય છે. નીચે વર્ણવેલ ઘટના પણ આવી જ બાબત પર પ્રકાશ પાથરે છે.



સૌરાષ્ટ્રનાં ઉપલેટા તાલુકામાં ભાયાવદર ગામ આવેલું છે. તેમાં સ્વામિનારાયણના સત્સંગી વિપ્ર લીલીબાઈ રહેતાં હતાં. તેઓ પૂર્ણરૂપે શ્રીહરિનાં આશ્રિત હતાં. તેમણે તેમના પુત્ર નાનાલાલમાં પણ બચપણથી જ સત્સંગના સંસ્કારોનું સિંચન કર્યું હતું. ભાયાવદરમાં રહેતા શક્તિપંથી વિપ્રો સમસ્ત ગામના હરિભક્તોને અતિ પરેશાન કરતા. બધા શ્રીજીમહારાજના દ્વેષી હતા. ભાયાવદરમાં તો શ્રીહરિએ ખૂબ જ સત્સંગ કરાવેલો. સત્સંગ સમાજ શ્રીહરિએ આપેલી સમજણમાં દ્રઢ હતો. સૌ મહારાજની ભક્તિમાં મગ્ન રહેતા. જે બાબત દ્વેષીજનોને આંખ કણાની માફક ખટકતી.

આ દ્વેષની હદ તો ત્યારે આવી ગઈ કે એક વખત સર્વે શક્તિપંથી બ્રાહ્મણો આગેવાન સત્સંગીઓને ઘરે આવીને ધમકીના સ્વરમાં ઠપકો આપી ગયા. ''અમે સૌ તમને ચેતવીએ છીએ કે જો સ્વામિનારાયણને ભાયાવદર ગામમાં બોલાવશો, તેમના સંતોને ઉતારો આપશો તો તમારે ભોગવવાનું રહેશે, તમારી ખેર નથી.'' સત્સંગીઓ મૂંઝાઈ ગયા કે હવે આપણે શું કરીશું ? લીલીબાઈ બોલ્યા, ''આપણે ગામમાં વેર ઊભું થાય તો ભલે થાય પણ એથી કાંઈ આપણો સત્સંગ થોડો છોડી દેવાય ! પણ તમે સૌ શાંતિ અને ધૈર્ય ધારણ કરો અને ચિંતા છોડી દ્યો.''

એક વખત શ્રીહરિએ પોતાના વિચરણ દરમ્યાન ભાયાવદર આવવાનો નિર્ણય કર્યો અને ત્યાંના સત્સંગીઓને ઉતારાની વ્યવસ્થા કરવાનું કહેવડાવી દીધું. સૌ સત્સંગીઓએ સમાચાર લીલીબાઈને આપ્યા તેમણે જણાવ્યું, ''આ મારું ઘર છે જ ને! શ્રીહરિના ઉતારાની તમે કોઈ પણ પ્રકારની ચિંતા ન કરો. ગામના દ્વેષીઓથી ભય પામવાની જરૂર નથી.''

ત્યારબાદ લીલીબાઈએ પોતાના દીકરા નાનાલાલને કહ્યું, ''જો ભાઈ, તારી નોકરી ગામના પસાયતા (ચોકીદાર)ની છે. મહારાજ આપણે ગામ

પધારવાના છે. ગામના દ્વેષીઓએ ધમકી આપેલી છે જ હવે તારી જવાબદારી છે કે ગામલોકો કાંઈ અડપલું ન કરે, નહીંતર આપણી સત્સંગીઓની આબરૂ ધૂળમાં મળી જશે.''

શ્રીજીમહારાજના આગમનની ખબર દ્વેષીઓને મળતા તેમણે ચર્ચા શરૂ કરી દીધી. તેમની ચણભણથી વાકેફ થઈને નાનાલાલે તે બધા જ્યાં ભેગા થયેલા ત્યાં રૂબરૂ જઈને કડક ભાષામાં કહી દીધું, ''અમારા ગુરુ શ્રી સ્વામિનારાયણ ભગવાન સંતો - હરિભક્તો સાથે પધારવાના છે. આ પ્રસંગે જો તમારામાંથી કોઈપણ અપમાન જનક પ્રવૃત્તિ કરશે. કોઈપણ કાંઈ અઘટિત બોલ બોલશે, તો હું જરાપણ સાંખી લઈશ નહીં. તમારી આવી લુખ્ખી દાદાગીરી બંધ કરી દેજો. આવી ચર્ચા કરવા ભેગા પણ થશો નહીં. નહીંતર તમો બધાને કદિ ન ભૂલાય એવો પાઠ મારે ભણાવવો પડશે. અમારા ગુરુ સ્વામિનારાયણ ગામમાં પધારે એમાં તમને શી બાબતની ચૂંક આવે છે ? તમારા ગુરુ આવે ત્યારે અમે કાંઈ કહેતા નથી. આટલામાં જ સમજી જજો. હું અને ઝીણાભાઈ હથિયાર બાંધીને જ નીકળવાના છીએ. કોઈ જાતની ગડબડ ઊભી કરતા નહીં. આ ચેતવણી છે. સાનમાં સમજી જજો. પછી ભલે જે થવું હોય તે થાય.''

નાનાલાલના શબ્દોમાં ટપકતી શુરવીરતા, ખુમારી સ્વામિનારાયણ પ્રત્યેની શ્રદ્ધા અને નિષ્ઠાથી દ્વેષી લોકોના હૃદયમાં ભયનું મોજું પસાર થઈ ગયું. એમાંથી કોઈની પણ નાનાલાલ સામે જોવાની હિંમત થઈ જ નહીં. બધા હાલતા થઈ ગયા.

શ્રીજીમહારાજ સંતો સહિત ભાયાવદર પધાર્યા. ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. મહારાજ લીલીબાઈને ઘરે ઉતારે પધાર્યા. સભા થઈ. મહારાજે સૌને ઉપદેશાત્મક વાતો કરીને ખૂબજ સુખ આપીને રાજી કર્યા. લીલીબાઈ તથા તેમની પુત્રવધૂ રાજબાઈએ ખૂબ જ કાળજીપૂર્વક બધી વ્યવસ્થા જાળવી.

એ અરસામાં શ્રીહરિએ વડતાલમાં મોટા ઉત્સવની શરૂઆત કરી. નાનાલાલ તથા જાદવાભાઈ એ ઉત્સવમાં સેવા કરવા આવી ગયા. સમૈયો પૂરો થતા, બંને શ્રીહરિ પાસે રજા લેવા ગયા. શ્રીહરિએ પૂછા કરતાં જાદવજીભાઈએ કહ્યું કે તેઓ અમદાવાદમાં થોડી ખરીદી કરવાની હોવાથી ત્યાં થઈને જશે. શ્રીહરિએ તેમને તે માર્ગે જવાની મનાઈ કરતા ચેતવ્યા. ''તે મારગે જીવનું જોખમ છે માટે બીજે મારગે થઈને જજો.''

જાદવજીભાઈએ ખરીદીની લાલચને વશ થઈને મહારાજની વાત ન માની. પરિણામ એ આવ્યું કે બંને લૂંટારાઓ દ્વારા અમદાવાદથી દશેક ગાઉં દૂરના રસ્તે ઝાડીમાં તેઓ લૂંટાઈ ગયા એટલું જ નહીં, જીવ પણ ખોયા.

આ અંગે જાત તપાસ કરવા પંદરેક દિવસ રાહ જોયા બાદ લીલીબાઈ ગઢપુર ગયાં. મહારાજને પૂછતા મહારાજે કહ્યું, ''અમને ચોક્કસ ખાતરી છે કે રસ્તામાં તેમને લૂંટારાઓએ લૂંટીને મારી જ નાખ્યા છે.''

તેમને સમાધિ કરાવીને ખાત્રી કરાવી કે તેમનો દીકરો નાનાલાલ અક્ષરધામમાં શ્રીહરિની સેવામાં રહ્યો છે. આમ લીલીબાઈનું ચિત્ત વિરામને પામ્યું. તેઓ ગઢપુરથી ભાયાવદર શાંત, ચિત્તે પાછા ફર્યા. શ્રીહરિના કહેવા પ્રમાણે ભાયાવદરના સત્સંગીઓએ બંને સાસુ-વહુનાં અન્ન-વસ્ત્ર-ધન-પાણીની જવાબદારી લઈ લીધી. બંને સ્ત્રીઓ શ્રીહરિના ભજન ભક્તિમાં નિમગ્ન રહેવા લાગ્યાં.

નાનાલાલ ધામમાં ગયા પછી બરાબર છ માસ બાદ લીલીબાઈ પણ અક્ષરધામ નિવાસી થયા. અને તેમના પછી છ માસ નાનાલાલના ધર્મ પત્ની રાજબાઈ પણ અક્ષર નિવાસી થયા. તેમની સર્વ મિલકત જૂનાગઢ રાધારમણ દેવને અર્પણ કરવામાં આવી. ભાયાવદરમાંના એમના નિવાસ સ્થાને સ્થાનિક સત્સંગીઓએ સ્વામિનારાયણ ભગવાનનું મંદિર બનાવ્યું.

# જીવો ખાચર

- ધરમશી દેવશી ભગત, ત્રિવેન્દ્રમ-કેરાલા

જીવો ખાચર દાદા ખાચરના સગા કાકા થતા. દાદા ખાચરની કીર્તિ વધતી જોતાં તે ઈર્ષાની આગમાં બળવા લાગ્યા. દાદાને બરબાદ કરવા તેણે ત્રિપાંખીઓ પ્લાન ઘડ્યો. એક તો દાદાની આવક બંધ થઈ જવી જોઈએ, બીજું દાદા ગઢડાનો રાજા મટી સામાન્ય માણસ થઈ જાય ને ત્રીજું દાદાનો દરબાર પડાવી લેવો. એભલ ખાચરને જીવા ખાચરે ગરાસના ભાગ પડ્યા ત્યારે દાદાની ઉંમર નાની હતી. દાદાને ભાગે શું છે ને મારા ભાગે શું આવ્યું છે એની દાદાને ક્યાં ગતાગમ છે માટે મારી યોજનામાં હું પાર જઈશ. જીવા ખાચરે ભાવનગર જઈ રાજાને ઉશ્કેર્યો. તેનું રાજા સાથે સારું બનવું. રાજાએ આરબ લશ્કર મોકલ્યું. જેણે ગઢપુર ને ઘેરો ઘાલ્યો. મહારાજે સમય પારખી દાદાને કહ્યું. તમે હજુ સમય છે, ગુપ્ત રીતે ગામ છોડી નીકળી જાવ. તમારા જાનનું જોખમ છે. દાદો કહે કાઠીનો દિકરો થઈ આમ ભાગી જવું અમને શોભે નહિ. મહારાજે ખૂબ સમજાવ્યા પછી છ અંગરક્ષકો સાથે દાદાને રાતના સારંગપુર રાઠોલ ધાધલને ઘેર મોકલી આપ્યા. સવારમાં જંગ ખેલવાનો જ હતો. મહારાજે કાઠી દરબારોને હથિયારોથી સજ્જ થવા કહ્યું. સંતો પણ લડવા તૈયાર થઈ ગયા. મહારાજે હસનજીને બાતમી લેવા મોકલ્યા. હસનજીએ આવી ને સમાચાર આપ્યા. લક્ષ્મીવાડીમાં શેરડીના પાકને લશ્કરે આગ ચાંપી છે. તેઓનો ઈરાદો ગઢ કબજે કરવાનો છે, નહિ તો ગઢને આગ લગાડશે.

મહારાજે વિકરાળ નૃસિંહરૂપ ધારણ કર્યું. સોમા દેવી સાંબેલું લઈ વાળ છૂટા મૂકી બહાર આવ્યા. જાણે મહાકાલીનું રૂપ જોઈ લ્યો. દરબાર ગઢનો દરવાજો ખોલ્યો. આરબ સૈનિકે ઘેલા ધાધને નિશાન લઈ બંદૂકનો ધડાકો કર્યો. તે જોઈ બીજા સૈનિકોએ બંદૂકો ફોડી પણ બંદૂકો અવળી ફુટી જેથી સૈનિકોની દાઢીઓ બળવા લાગી. ધુમાડાના ગોટા ઉઠ્યા, સામે ચોખ્ખું દેખાતું બંધ થયું. પહોંચાશે નહિ તેવું લાગતાં સૈનિકો પાછા જવા લાગ્યા. થોડી વાર થઈ જીવા ખાચર મહારાજને મળવા આવ્યા પગે લાગી બોલ્યા. રાજાએ તો ભારે જુલમ ગુજાર્યો. દાદાનો દરબાર કબજે કરવા તૈયાર થયા ? જાણે પોતાને કંઈ ખબર નથી. મહારાજ કહે, આટલી વાર તમે ક્યાં હતા ? હું તો ઘરમાં સૂતો હતો. આમ થયું તેની મને ખબર જ નથી. તેનો ભાંડો ફોડવા મહારાજ તેના ઘેર ગયા. ત્યાં તો આરબ સૈનિકો જોયા. રસોઈ થતી જોઈ. સૈનિકોનો જમણવાર ત્યાંજ હતો. મહારાજ કહે કાકા આ શાનો જમણવાર છે તમને કંઈ ખબર નથી એમને ? જીવા ખાચરને કાપો તો લોહી ન નીકળે એવી દશા થઈ. સમજી ગયા કે દગો કોઈનો સગો થતો નથી. પછી નીચું જોઈ ગયા. મહારાજ ત્યાંથી કારિયાણી પધાર્યા. માણસ મોકલી દાદાને તેડાવી લીધા. ને બાથમાં લઈ ભેટી પડ્યા. આમ મહારાજે દાદાને બચાવી લીધાને તેનો ગરાસ લૂંટવા ન દીધો. જીવને તારે ગગનમેં ઈતને શત્રુ હોય. સહાય કરે રઘુવીર તો બાલ ન વાંકો હોય.

આ સમયે અંગ્રેજ અધિકારી બોલ્ટન સાહેબનો મુકામ જીજાવદર ગામે હતો. દાદા ખાચર સાહેબને મળ્યા. સાહેબે પૂછ્યું, તમારા દરબારગઢ પર હુમલો શા માટે થયો હતો ? શું તમારે કોઈ સાથે દુશ્મનાવટ છે ? દાદો કહે ના અમારે કોઈ દુશ્મની નથી. આતો અંદરના કોઈ દુશ્મન ઊભા થયા હોય તેવું છે. મારા કાકા જીવાખાચર ને દરબાર પોતાના ભાગનો છે કહી પડાવી લેવો હતો. સાહેબે કહ્યું એવું ન ચાલે મને મારી રીતે તપાસ કરવી જોઈએ. રાજાએ તપાસ કરવા ૫૦ જણની ટૂકડી ભાવનગર મોકલી ને કોના ભાગમાં શું છે તે વિગતવાર લખી જણાવો. રાજાએ તપાસ કરી લખી આપ્યું કે દરબાર ગઢ તથા બીજા ગામો દાદા ખાચરના ગરાસમાં આવેલા છે. તેમાં જીવા ખાચરનું કંઈ નથી. આ લખાણ સાહેબના હાથમાં આવતા સાહેબે દાદા ખાચરને આપ્યું. આમ મહારાજની ઈચ્છાથી વિરોધીઓ જ મદદગાર સાબિત થયા.

# સંસ્કારી બાળક

<u>- રમણીકભાઈ ગોર</u>

મિત્રો ! ભગવાન દરેક જીવાત્માના સંકલ્પો પૂર્ણ કરે છે, જીવાત્માએ કરેલા સંકલ્પો એના કર્મને આધિન હોય છે એટલે ફળપ્રદાતા ભગવાન દરેક જીવાત્માને એના કર્મ ભોગવાવવા માટે અનુકુળતા અને તક આપે છે જેના દ્વારા દરેક જીવાત્મા પોતાના મનના ધાર્યા સંકલ્પ લઇને કોઇ ભગવાનને યાદ કરીને અને કોઇ ભગવાનને ફરિયાદ કરીને પોતાના કર્મ ભોગવતો આવ્યો છે. તો મિત્રો ! આજે આપણે એક દૃષ્ટાંત વાર્તાએ કરીને આપણે આપણા જીવનમાં શીખ મેળવીએ.

આ વાર્તા દ્વારા આપણે આપણા જીવનમાં શું કરી રહ્યા છીએ અને શું કરવું જોઇએ તે વિચારીએ તો ચાલો થોડા આગળ વધીએ.

એક મોટા શહેરની અંદર દરેક વર્ણના લોકો પ્રેમથી રહે છે અને બધા પોતપોતાના નિત્ય કર્મમાં પરોવાયેલા છે. શહેર મોટું છે, ધનવાન ઘણા છે તો ક્યાંક ગરીબ લોકોની પણ વસ્તી છે. જ્યાં એક વિધવા ગરીબ માતા સાથે એમનો બાર વરસનો દીકરો એક નાનકડા ઘરમાં રહે છે. માતા મજૂરીકામ કરીને પોતાનું તથા બળકનું પોષણ કરે છે અને સંસ્કારે કરીને બાળકના જીવને પોષણ આપે છે કે બેટા ભગવાને આપણને સરસ યોગ આપેલો છે, મનુષ્યદેહ કરીને પોતાની મહેનતનો રોટલો ખાવો ક્યારે અણહકનું ખાવામાં ન આવે તે ખાસ યાદ રાખવું આમ દિવસો ઉપર દિવસો ગયા એક સમય માતા બિમાર પડ્યા ઘરમાં કાંઇ ખાવાનું નથી ત્યાં દવાની વાત ક્યાં કરવી ? એટલે આ બાર વરસનો દિકરો ઘરથી બહાર નીકળે છે પણ કોની પાસે કામ માંગવું ? એમ વિચારતો વિચારતો આ બાળક એક બંગલા પાસે પહોંચ્યો ત્યાં જૂએ છે એક બહેન બગીચામાં બેઠા બેઠા છાપુ વાંચી રહ્યા છે ત્યાં બાળકે તીણા અવાજે કહ્યું બહેન, આ તમારા બગીચાની હું સફાઇ કરી આપું એટલે પહેલાં તો બહેન કહે ના મારે બગીચાની સફાઇ નથી કરાવવી છતાં કાકલૂદી સાથે બાળક કહે છે બહેન મારે કાંઇ નહીં જોઇએ ફક્ત ખાવાનું આપજો. એટલે બહેન થોડા કૂણા પડ્યા અને હા કહે છે બાળક તો પોતે પૂર્ણ નિષ્ઠાથી ભગવાનને નજર સામે રાખીને ખંતથી બગીચાની સફાઇ કરી આ બાજુ બહેન સંશય સાથે જોયું પણ બાળકતો નિષ્ઠાથી કાર્ય કરી રહ્યો છે આ બાજુ બહેન કામ જોતા રાજી થઇ ગયા. બાળક પણ પોતાનું કામ પૂર્ણ કરીને બેઠો એટલે બહેન રોટલીને શાક લઇ આવ્યાં અને કહે આ લે જમી લે, ત્યારે બાળકે પોતાના ખિસ્સામાંથી પ્લાસ્ટીકની થેલી કાઢી અને એમાં શાક-રોટલી રાખ્યા એટલે બહેન કહે કેમ ભાઇ તને જમવા માટે આપ્યું અને તું જમતો નથી ? ત્યારે બાળક કહે, બહેન ઘરે મારી મા બિમાર છે અને તે પણ ભૂખ્યા છે તો તમે આપેલું ભોજન હું ઘરે લઇ જઇ અને મા-દિકરો બંને જમીશું. એટલે બહેનને જીજ્ઞાશા જાગી અને પુછ્યું કેમ તમારા ઘરમાં બીજું કોઇ નથી ? ત્યારે બાળકે પોતાની સર્વે હકીકત કહી અને એ સાંભળી બહેને બાળકને કહ્યું ભાઇ તું આ અહીં જમી લે હું તને મારા હાથે જમાડું અને તારી મા માટે હું ગરમ રસોઇ બનાવી આપું એમ બહેને પોતાના હાથે જેમ માતા બાળકને જમાડે તેમ આ બાળકને હેતથી જમાડ્યા અને ગરમ રસોઇ કરીને પોતે તે બાળક સાથે તેના ઘેર ગયાં. અને તે માતાને પ્રણામ કરીને કહ્યું બહેન તમે ધન્યભાગ્યશાળી છો આ તમારા બાળકના સંસ્કારો તમારા થકી છે જે જોઇને હરખ થાય છે કે તમારા સંસ્કારે કરીને બાળકની ખુમારી, કાર્યનિષ્ઠા અને ધગશથી મને પણ ખુશી થાય છે. જે માતા દ્વારા આવા ધ્રુવ અને પ્રહલાદ જેવા બાળકોનું આ કળિયુગમાં જતન થાય તે માતા અને બાળક બંને ધન્ય ભાગ્યશાળી છે.

ઘરમાંથી વડિલો દ્વારા અને ખાસ કરીને માતા-પિતા દ્વારા મળતા સંસ્કારો બાળકને આવા કપરા સમયે કામ આવે છે. એટલે જ આપણા વડીલો કહેતા ગમે તેવી સમૃધ્ધિ હોય પણ બાળકને અઠવાડિયામાં એકવાર કઢી-રોટલી ખાતા શીખવાડજો ક્યાંક કર્મને આધિન આવા સમયે જીવનમાં બળ મળે અને ધર્મશાસ્ત્રોમાં પણ નીતિથી કમાયેલા ધનનો ધર્માદો અને સેવાકાર્યો થાય. કારણ કે સમય ઘણો અજીબ છે, ક્યાંક કોઇની પાસે સમય નથી કોઇની પાસે સમય નીકળતો નથી, સમય દેખાતો નથી પણ વહેતો રહે છે જે ક્યારેક આવી રીતે આવે ત્યારે દેખાય કે સમજાય કે ઘરના વડીલો જે કહેતા હતા તે પોતે અનુભવેલી વાતો અને ધર્મશાસ્ત્રોનું અધ્યયન હતું. જે આજે આપણા જીવન ઘડતરમાં ખૂબ ઉપયોગી થઇ શકે છે. ધન્યવાદ છે એ બાળકને જે આવા સમયે કર્તવ્યનિષ્ઠાથી પોતાના સંસ્કારોની મૂડીને સાથે રાખીને અતિ ભાગ્યશાળી બનાવ્યા એવા જે માતૃતુલ્ય બહેન જે પોતાના હાથે રસોઇ બનાવીને સંસ્કારોને દીપાવ્યા એવા દરેક જીવાત્માઓને વંદનસહ પ્રણામ. એમના જેવા જીવન આપણા જીવન ઘડતરમાં થાય, આપણે પણ એવા અનુસરણીય બની શકીએ એવી ભગવાન શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

આ દૃષ્ટાંતવાર્તાએ કરીને આપણે પણ આપણા જીવનમાં દૈહિક દુઃખ આવે તો દુઃખી ન થાવું પણ ભગવાને આપણને આપેલ આ મનુષ્યદેહ અને કર્મપ્રધાન દેશમાં કર્મને પૂર્ણ કરવાનો અવસર માનીને પ્રભુ ભજન કરીને આપણને સોંપેલી સેવા પૂર્ણ નિષ્ઠાથી કરીને ભગવાનને રાજી કરી લેવા. અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ

# સત્સંગ સમાચાર દેશ

## ભુજ ધામે ધનુર્માસની પરંપરાગત ઉજવણી

શ્રી નરનારાયણદેવ મંદિર ભુજ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિરે સંપ્રદાયની રીતિ પ્રમાણે પરંપરાગત રીતે દર વર્ષની માફક પ.પૂ. પ્રાતઃસ્મરણીય મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી સ્વામી ઉત્તમચરણદાસજીના સંચાલનમાં ધનુર્માસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સૂર્યનારાયણના આગમન પૂર્વે જ હરિભક્તો અત્યુત્સાહ સભર ભુજ ધામે મંદિરે આવી જતા. મંગળા દર્શનનો લાભ લઈ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનમાં જીવનોત્થાન અર્થે તન, મન, ધનથી ભાગ લેતા અને ઈહલોક અને પરલોકનું ભાથું સહપરિવાર બાંધતા. દરેક હરિભક્તોના મુખારવિંદ પર દિવ્યાનંદ છવાઈ જતો. સવાર સુધરે તેનો દિવસ અને જન્મમારો સુધરી જાય છે. દરેક હરિભક્તો આ વાતનો સ્વાનુભવ કરતા. ધૂન કરાવનાર હરિભક્તોને પહેરામણી કરી હાર પહેરાવવામાં આવતા અને ધૂનમાં ભાગ લેનાર સૌ હરિભક્તો ભાઈઓ-બહેનોને પ્રસાદનું વિતરણ કરવામાં આવતું. હજારો હરિભક્તો ધૂનમાં ઉત્સાહભેર ભાગ લેતા.

-પાલીવાડ જીતેન્દ્ર એચ., ભુજ

---

## ભુજ પ્રસાદી મંદિરે ધૂન યજ્ઞ

શિયાળાની ઠંડીની ઋતુમાં સૂર્ય એક મહિનો સુધી ધન રાશિમાં રહે છે. તે સમયને ધનુર્માસ કહેવાય છે. આ સમય વિશેષ પુણ્યદાયક સમય છે. કારણ કે માગશર મહિનો એ ભગવાનનો સમય છે. સ્વયં ભગવાને ગીતામાં કહ્યું છે ''**मासानाम् मार्गशीर्षांऽहम्**'' આ સમય દરમ્યાન ભુજ પ્રસાદી મંદિરે એક મહિના સુધી 'જપ યજ્ઞ'નું અનુષ્ઠાન કરવામાં આવેલું. જપ યજ્ઞ એટલે ધૂન કરવાનો સમય. શાસ્ત્રોમાં અનેક યજ્ઞો કહ્યા છે. તેમાં સૌથી ઉત્તમ યજ્ઞ કયો ? તો ભગવાન ગીતામાં કહે છે. ''**यज्ञानाम् जपयज्ञोऽस्मि**'' જપયજ્ઞ એ હું છું. અર્થાત્ સૌથી ઉત્તમ મહારાજનો મંત્રજાપ એ ઉત્તમયજ્ઞ છે.

પ્રસાદી મંદિરમાં બિરાજતા ઠાકોરજીના સાંનિધ્યમાં મહંત સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી મુકુંદજીવનદાસજી આદિ વડીલ સંતોની પાવન ઉપસ્થિતિમાં ભુજ શહેરના બહોળી સંખ્યામાં હરિભક્તો વહેલી સવારે મંદિરમાં ધૂન માટે હાજર થઈ જતા. સંગીતના સૂર સાથે ગાયક સંતો, છડી પોકાર સહિત આરતી ગાઈને ભવ્ય રીતે ઠાકોરજીની શણગાર આરતી થતી. તે પૂર્ણ થતાં તરત જ ધૂન શરૂ થાય. થાળ બાદ ધૂન થાય. સાઉન્ડ અને સંગીતના સથવારે ગાયક સંતોનો ઉત્સાહ એટલો અદ્ભુત હતો કે ધૂનમાં ભાગ લેનારા દરેક ભક્તોને ખૂબ ખૂમારી પ્રેરી દેતો હતો. બાજુમાં ઉતારામાં ઉતરેલા યાત્રિકો પણ વહેલી સવારે તૈયાર થઈને ધૂનમાં જોડાઈ જતા. બહેનો ભક્તો તો દરરોજ ચોકમાં રાસોત્સવ કરતા. એકાદશીના દિવસે રાસનો માહોલ અદ્ભુત હતો. ધૂન બાદ અલગ અલગ સંતોના આશીર્વાદ મળતા તથા આ જપયજ્ઞમાં દરરોજ અલગ અલગ યજમાનો તરફથી અડદીયા લાડુનો પ્રસાદ વહેંચાતો. આમા ૨૦ થી વધારે ભક્તો સંપૂર્ણ મહિનાની સેવાનો લાભ લીધો હતો. તો રોજના સરેરાશ ૨૮ જેટલા ભક્તો યજમાન થતા. વડીલ સંતોના હાથે તે સૌનું બહુમાન થતું.

આ સમય દરમ્યાન અલગ અલગ વિભાગોમાં જે જે સંતો ભક્તોએ સેવા કરી તે ઠાકોરજીએ સ્વીકારી મહારાજના સ્મરણ સાથે વડીલ સંતોએ દરેક સંતો ભકતો ઉપર પ્રસન્નતાપૂર્વક અંતરના આશીર્વાદ વર્ષાવેલા, તો ગામ સુખપરના કરશનભાઈએ દરેક સંતોને કંઠી માળા પહેરાવીને સેવા કરેલી. છેલ્લા દિવસે મહાઆરતી કરી જપયજ્ઞ ધૂન ઉત્સવની સમાપ્તિ કરેલી.

**શિક્ષાપત્રી પૂજન**

સમગ્ર વનરાજીને નવ પલ્લવિત થવાનો શુભ

અવસર એટલે વસંત પંચમી. આજના દિવસથી વસંત ઋતુનો પ્રારંભ થયો. વસંતના વધામણા રૂપે ઠાકોરજી આગળ આંબો રોપાય. ઠાકોરજી પિચકારી લઈને રંગે રમે. તેમાં પણ આજનો દિવસ કાંઈક વધારે વિશેષ છે.

આજના દિવસે મહારાજે શિક્ષાપત્રી લખીને દરેકને આપી. તે દરેકના જીવનમાં સદાયને માટે વસંત લાવનારી છે. આ લોકમાં અને પરલોકમાં સદા સુખી કરનારી છે. જીવનના ચાર પુરુષાર્થની સિધ્ધીને આપનારી આ શિક્ષાપત્રી જીવનમાં સદાય વસંત લાવનારી છે.

આજે શિક્ષાપત્રીના ૧૯૨માં અવતરણ દિવસે પ્રસાદી મંદિરે ઠાકોરજીના સાંનિધ્યમાં વડીલ સંતોની પાવન ઉપસ્થિતિ તથા વિદ્યાર્થી સહિત સર્વે સંતો સાથે મળી શિક્ષાપત્રીનું પ્રત્યેક શ્લોકોના ઉચ્ચારણ સાથે પૂજન કરેલું. આ ઉત્સવ ઉજવવાનો લાભ લીધેલો ગામ સુખપરના પ.ભ. માવજીભાઈ હરજી ભગત પરિવાર. પૂજનનો સમય વહેલી સવારનો હતો છતાં પણ ૨૫૦ થી વધારે ભક્તોએ પૂજનનો લાભ લીધો. પૂજન પૂર્ણ થયા બાદ સમૂહ આરતી કરવામાં આવી. ત્યારબાદ સૌને ગોળધાણી, કીસમીસ, નાળિયેર, પતાસાનો પ્રસાદ વહેંચાયો. -વિદ્યાર્થી સ્વામી તીર્થમુનિદાસજી

---

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય : ભુજની ટેનીસ સ્પર્ધામાં સિદ્ધિ

તાજેતરમાં ભુજ જીમખાના દ્વારા આયોજિત ઓપન કચ્છ ટેનીસ ટૂર્નામેન્ટ ''ટેનીસ ઉત્સવ''નું આયોજન કરવામાં આવ્યું હતું. અંડર-૧૪ બોયઝ સીંગલ્સ તેમજ ડબલ્સની સ્પર્ધામાં શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજના દેવેન મજેઠીયા તેમના પાર્ટનર સાથે ચેમ્પિયન થયેલ છે. શાળાને અપાવેલ આ સિદ્ધિ બદલ વિદ્યા સંકુલના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજી, સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, ટ્રસ્ટી મંડળના પ્રમુખશ્રી કે. કે. હિરાણી તથા શાળાના આચાર્યશ્રી ત્રિકમભાઈ છાંગા તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. -આચાર્યશ્રી

---

## રજતજયંતી મહોત્સવ સ્મૃતિ મંદિર, ભુજ

હમીરસર સરોવરની પરમ પવિત્ર અને શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના ૨૦૦ કુંડી વિષ્ણુયાગથી પાવન ભૂમિ પર અત્યંત આહ્‌લાદક અને હરિયાળા વિસ્તારમાં સ્થિત અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની સમગ્ર જીવન લીલા, સર્વે છ મુખ્ય મંદિરો, દશાવતારો, વિવિધ દેવ-દેવીઓની સંગેમરમરની અને કલાત્મક કોતરણી ધરાવતા કાષ્ઠ શિલ્પ યુક્ત અષ્ટકોણીય દ્વિમાળીય મંદિરમાં સ્થિત શ્રી સહજાનંદ સ્વામી, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, જેમાં સાક્ષાત્ બિરાજમાન છે એવા શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર અને તેનું જ અભિન્ન અંગ એવું શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી નિવાસનો સંયુક્ત ત્રિ-દિવસીય ''રજતજયંતી મહોત્સવ'' તા. ૨૪,૨૫,૨૬ ડિસેમ્બર ૨૦૧૭ના ખૂબ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો. જેમાં..

# જાહેર આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે**

## ભુજ મંદિર - સમૂહ ભાગવત

**સંવત્ ૨૦૭૪, ફાગણ વદ ૩૦, તા. ૧૭-૩-૧૮ થી ચૈત્ર સુદ ૬, તા. ૨૩-૩-૧૮ સુધી રહેશે.**

**આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.**

**આપ પણ આપના પિતૃઓની પૂણ્ય સ્મૃતિમાં**

**પોથીના યજમાન થઇ શકો છો. સંપર્ક નં. ૦૨૮૩૨-૨૫૦૨૩૧**

પ્રથમ દિવસે સવારના સત્રમાં શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિરમાંથી સર્વે યજમાન પરિવાર, સર્વે વડીલ સંતો અને સર્વે વર્તમાન એવમ્ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની હાજરીમાં શાસ્ત્રીય વિધિથી પોથી પૂજન થયું. ત્યારબાદ બેન્ડના સુરીલા સંગીતની રમઝટ સાથે વિદ્યાર્થી નિવાસમાંથી પસાર થઈ શ્રી સ્વામિનારાયણ સ્મૃતિ મંદિરની વાડીમાં સ્થિત સભામંડપમાં પોથી પહોંચી. ત્યારબાદ યજમાનો દ્વારા શ્રી હરિસ્મૃતિ કથા પારાયણના વક્તા મહોદય શા. સ્વામી ઘનશ્યામદાસજીનું પૂજન થયું ઉપરાંત મહંત સ્વામી આદિ સંતો દ્વારા પોથીપૂજન થયું. ત્યારબાદ દીપપ્રાગટ્ય વિધિમાં ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજી અને વર્તમાન સંચાલકો પુ. સ્વામી લક્ષ્મીવલ્લભ દાસજી અને પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી આદિ સંતોના શુભ હસ્તે થયું.

પ્રથમ સત્રની આરતી થી ને તદપશ્યાત યુવાન વક્તા શા. સ્વામી ઘનશ્યામદાસજી દ્વારા સરળ ભાષામાં, સામાન્ય મુમુક્ષુજનો સમજી શકે એવી મૃદુભાષામાં કથાનું રસપાન કરાવ્યું. એટલામાં જ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન તથા આશીર્વચન થયું અને ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનો આચાર્ય મહારાજ, મહંત સ્વામી આદિ વડીલ સંતો અને સંચાલક સાથે ગ્રુપ ફોટો ખેંચવામાં આવ્યો જે ઉત્સવની એક અનેરી જ ઝલકનું પ્રતિપાદન કરે છે. ત્યારબાદ બપોરના સત્રમાં શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથાનો દોર વૈવિધ્ય સભર શૈલીમાં આગળ ધપાવી અને શ્રોતાને અભિભૂત કર્યા અને સંસ્થાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પ્રથમ બેંચના વિદ્યાર્થી એવા માવજીભાઈ ફોટડીવાળાએ તેમનું વક્તવ્ય આપ્યું અને પ્રથમ વર્ષ વિદ્યાર્થી નિવાસની સ્થિતિ-પરિસ્થિતી અને વ્યવસ્થા વિશે પોતાના અનુભવ રજૂ કર્યા. ત્યારબાદ વિદ્યાર્થી નિવાસમાંથી ભણી હાલે ડોક્ટરીનો અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થી રાજેન્દ્રસિંહ જાડેજાએ ઈંગ્લીશમાં સંસ્થાના સંચાલકોનો આભાર વ્યક્ત કરતું વક્તવ્ય આપ્યું. બાદમાં સ.ગુ. સ્વામી જગતપાવનદાસજીએ પણ જૂના સંસ્મરણોને યાદ કર્યા અને પોતાની વાણીનો લ્હાવો આપ્યો. સાંજે ૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી પ્રસિધ્ધ હાસ્યકલાકાર અને સંપ્રદાયની રૂઢિ રીત રિવાજથી વાકેફ અને દેશપ્રેમી એવા લોકલાડીલા હાસ્યકલાકાર સાંઈરામ દવેના હાસ્ય દરબારનું આયોજન થયું હતું.

દ્વિતીય દિવસના પ્રથમ સત્રમાં પુ. સ્વામી દેવવિહારીદાસજી દ્વારા કથાનો દોર આગળ ધપાવ્યો અને આગળના પ્રસંગોનું સ્વ-શૈલીમાં રસપાન કરાવ્યું. ત્યારબાદ કોઠારી પાર્ષદ ખીમજી ભગત દ્વારા ''માઈન્ડ મેનેજમેન્ટ'' વિષય પર લખાણ-ચિત્રણ યુક્ત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. જેમાં શ્રોતા સાથે પરસ્પર વાતચીત અને ચોટદાર ઉદાહરણો દ્વારા ગહન વિષયને પણ સરળતાથી સમજાવ્યો. ત્યારબાદ સંસ્થામાં રહી ધો.૧૦ CBSE માં અભ્યાસી વિદ્યાર્થી પાર્થ આહિર દ્વારા રાષ્ટ્રભક્તિ વિષય પર અભિવ્યક્તિ થઈ. અને ભુજ મંદિરની કાર્યશૈલી ગુરુકુળો વિષેની માહિતી દિનેશ લાંબરિયા દ્વારા આપવામાં આવી.

## જાહેર આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવાનું કે**

**ભુજ મંદિર : શ્રી નરનારાયણદેવ પાટોત્સવ**

**તા. ૧૬-૪-૧૮ થી તા. ૨૦-૪-૧૮ સુધી રહેશે.**

આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.

**દેશ-વિદેશમાં વસ્તા હરિભકતોને સપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

દ્વિતીય સત્રમાં શા. સ્વામી સુખનંદનદાસજી દ્વારા શ્રીહરિસ્મૃતિ કથાને આગળ શ્રવણ કરાવ્યું અને શ્રી ઘનશ્યામ મહારાજની અવનવી વાતો કરી. કથા બાદ ભુજ મંદિરના પ્રખર વક્તા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાના ઉદ્‌બોધનમાં વડીલ સંતો દ્વારા સંસ્થાની સ્થાપનાથી લઈ વિવિધ પ્રવૃત્તિની વાતો કરી અને સંસ્થાના સંચાલક પુ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજીની કામગીરીનો ખાસ ઉલ્લેખ કરી સ્વામીને બિરદાવ્યા અને વિદ્યાર્થીઓને પણ ઉજળો સત્સંગ સતત ટકાવી રાખવા ભલામણ કરી. ત્યારબાદ સંસ્થાના સતત ૨૩ વર્ષથી જોડાયેલા અને હાલના મુખ્ય વર્તમાન સંચાલક એવા પુ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી ઉદ્‌બોધન કરી સર્વે વિદ્યાર્થી, ભુતપૂર્વ વિદ્યાર્થીઓ અને ટ્રસ્ટીઓનો સહકાર માટે આભાર માન્યો અને વિશેષમાં પૂર્વ સંચાલકો શા. સ્વામી નારાયણમુનિદાસજી તેમજ સ્વામી કૃષ્ણપ્રિયદાસજીનો પણ આભાર માન્યો. સ્વામીનું ટૂંકું પ્રવચન હતું છતાંય સર્વસભા અને વિશેષ સર્વે વિદ્યાર્થીઓ અંતરથી ગદ્‌ગદિત થઈ ગયા. દ્વિતીય દિવસના અંતિમ સત્રમાં શા. સ્વામી ઘનશ્યામનંદનદાસજી દ્વારા ''આત્મ કલ્યાણની શરૂઆત ક્યાંથી કરશો'' એ વિષય પર અત્યંત અસરકારક રીતે અને ચિત્રણયુક્ત પ્રેઝન્ટેશન થયું. પછી રવજી રત્ના ખેતાણી દ્વારા અને વાલજીભાઈ ભાસડીયા દ્વારા ભુતપૂર્વ વિદ્યાર્થીઓના પ્રવચન થયા.

રાત્રિના સંગીતકાર સ્વામી ભજનપ્રકાશદાસજી અને તેમની ટીમ દ્વારા રાસોત્સવનું આયોજન થયું હતું. જેમાં સ્વામીના મોહક સૂરીલા સ્વરે સર્વે હરિભક્તોને મોહી લીધા. નાના મોટા સંતો સર્વે રાસભક્તિમાં તલ્લીન થયા અને સમગ્ર વાતાવરણ સ્વામિનારાયણ સ્વામિનારાયણના જય જયકારથી ગુંજી ઊઠ્યું. એક પવિત્ર ધૂનનું ધર્નુર્માસ પૂર્વેનું ઉદ્‌ઘોષ એટલે શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિમંદિરનો રાસોત્સવ.

અંતિમ એટલે કે કથાના તૃતિય દિવસે શ્રી ઠાકોરજીની આરતીબાદ વક્તા પુ. સ્વામી શ્રીરંગદાસજી દ્વારા શ્રીહરિસ્મૃતિ ગ્રંથનું મર્મસ્પર્શી અને હાલના સમયમાં ઉપયોગી એવી વાતોને આવરી લેતા દૃષ્ટાંત સાથે કથાની પૂર્ણતા તરફ વધ્યા.

ત્યારબાદ વર્તમાન વિદ્યાર્થી એવા મનીષ વાઘમશી અને ભૌમિક મોરડીયાએ ટૂંકું અને પોતાને સંસ્થાના અનુભવ વિશે વાતો કરી. ત્યારબાદ ભાવિ ડોક્ટર અને વર્તમાન વિદ્યાર્થી તરીકે સંસ્થામાં રહેતા વિદ્યાર્થી નિરવ પંડ્યા અને સંસ્થાના સંતો અને વિદ્યાર્થીઓનો યોગ, મેડીકલ કોલેજ અને અધ્યાત્મ સંસ્થા સાથેના તાલમેલ અને ઉત્સવના ક્રમશઃ આયોજનો ગોઠવણી વિશે વાત કરી.

ત્યારબાદ શ્રીઠાકોરજીનો મહાઅભિષેક પૂજ્ય મહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતો, સંચાલક સંતો, ટ્રસ્ટીશ્રી તેમજ વિદ્યાર્થી સર્વે દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક પૂર્ણ થયો. ત્યારબાદ મહંત સ્વામીના વરદ્‌હસ્તે સ્મૃતિમંદિરમાં બિરાજમાન શ્રી સહજાનંદસ્વામી, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ સર્વે દેવોની સામે અન્નકૂટની આરતી થઈ.

## જાહેર આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે**

**આધોઈ મંદિર : મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**

**તા. ૨૩-૪-૧૮ થી તા. ૨૭-૫-૧૮ સુધી રહેશે.**

**આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.**

**કોઈ હરિભક્તને પૂ. સ્વામીની પૂણ્યસ્મૃતિમાં કથામાં આર્થિક સેવા કરવી હોય તો કોઠારમાં સેવા નોંધાવી શકો છો.**

અંતમાં શા. સ્વામી અક્ષરમુનિદાસજી દ્વારા "Let's change the world" વિષય પર અસરકારક અને આગવી વિચારશૈલી વાળું ફ્રેમમોડેલ સાથેનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું. અંતિમ દિવસના અંતિમ સત્રમાં છેલ્લે ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી દ્વારા આશીર્વચન અપાયા. અને સંસ્થા છોડ્યા બાદ પણ સર્વે જગ્યાએ સંસ્થામાંથી મેળવેલા ગુણ જીવનપર્યંત ટકાવી રાખવાની ભલામણ કરી અને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો. ત્યારબાદ ભીમજીભાઈ જોધાણી પ્રથમ બેંચના વિદ્યાર્થીએ આભારવિધિ કરી અને ત્યારબાદ પૂર્વ સંચાલક અને હાલ રાપર મંદિરના નિર્માણ કરતાં એવા પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી દ્વારા હૃદયસ્પર્શી અને અતિ આનંદ થાય તેવું પ્રવચન અપાયું. સર્વે સંતો, કોઠારીશ્રીઓ, વક્તાશ્રીઓ સાંખ્યયોગી બહેનો, કર્મયોગી બહેનો અને સેવામાં જોડાયેલા સર્વેનો આભારમાની 'જય સ્વામિનારાયણ'ના જયઘોષથી સમગ્ર સભામંડપ ગુંજી ઉઠ્યો. ઉત્સવમાં સંગીતજ્ઞ સંતો સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી હૃદયપ્રકાશદાસજીનું ખૂબ યોગદાન રહ્યું હતું.

સમગ્ર સભા અને સમારોહનો સફળતાથી અને હળવી શૈલીમાં સંચાલન કરનારા માંડવી સંસ્કારધામના સંચાલક શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીનું ખૂબ યોગદાન રહ્યું. ઉત્સવમાં ત્રણેય દિવસ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદિ સર્વે સંતોએ ખૂબ જ યોગદાન આપ્યું.

સંચાલક સંતો પુ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી અને શા. સ્વામી જગતવિહારીદાસજી અને સર્વે ભુતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ અને ભુજ મંદિરના ઉપક્રમે રહેલ આ શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિમંદિર અને વિદ્યાર્થી નિવાસનો ત્રિ-દિવસીય "રજતજયંતી મહોત્સવ" નિર્વિઘ્ને, આનંદોમય અને સત્સંગમાં એક વધુ સોનેરી પ્રકરણ ઉમેરાય એ રીતે પૂર્ણ થયો કે જેની યાદી બીજા ૨૫ વર્ષ સુધી આપી શકાશે.

- નિરવ પંડ્યા, વિદ્યાર્થી સ્મૃતિમંદિર

---

## માંડવી : કન્યા વિદ્યામંદિર : ઉદ્‌ઘાટન મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અને વડીલ સંતોના આશીર્વાદથી માંડવી (પિયાવા) મધ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ પ્રેરિત શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, માંડવીના ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે તા. ૨૯ ડિસેમ્બર થી તા. ૨ જાન્યુઆરી સુધી શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે અતિ ધામધૂમથી ભક્તિભાવપૂર્વક ભવ્ય રીતે ઉમંગભેર ઉજવાયો. વિદ્વાન સંત વક્તાશ્રીઓ શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સરળ, સચોટ અને વિદ્વતાપૂર્ણ વાણીથી શ્રોતા હરિભક્તોને કથામૃતનું રસપાન કરાવેલ. સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી આદિએ પ્રસંગોચિત

## જાહેર આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે**

**ભુજ મંદિર - અ.નિ. સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીના સ્મરણાર્થે પંચાહ્ન પારાયણ**

**તા. ૧૫-૫-૧૮ થી તા. ૧૯-૫-૧૮ સુધી રહેશે.**

આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.

**કોઈ હરિભક્તને પૂ. સ્વામીની પૂણ્યસ્મૃતિમાં કથામાં આર્થિક સેવા કરવી હોય તો કોઠારમાં સેવા નોંધાવી શકો છો.**

કીર્તનો સુંદર સ્વર નિયોજન સાથે પ્રસ્તુત કરીને સૌને ડોલાવ્યા હતા. પ્રેરક અને રોચક પ્રસંગોને સંગીતના સથવારે વધારે અસરકારક બનાવી અલૌકિક વાતાવરણનું નિર્માણ કરવામાં સફળ રહ્યા હતા.

મહોત્સવના મંગલ પ્રારંભ રૂપ તા. ૨૯મીના સવારે પીયાવા શ્રી સ્વામિનારાયણ મંદિરેથી પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો. આનંદ અને હર્ષોલ્લાસ સાથે સત્‌શાસ્ત્રો(પોથી) શિર પર ધારણ કરી યજમાન પરિવારની બહેનો અને સત્સંગી ગૃહસ્થ બહેનો સુંદર વસ્ત્રો પરિધાન કરી સંપ્રદાયની પરંપરાનું ગૌરવ વધારી રહી હતી. હજારો હરિભક્તો અને બ્રહ્મનિષ્ઠ સંતો સાથે પોથીયાત્રા વાજતે-ગાજતે કન્યા વિદ્યામંદિરે પહોંચી હતી. શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજની વિદ્યાર્થિનીઓની બેન્ડ પાર્ટીએ ખૂબ આકર્ષણ જમાવ્યું હતું.

દીપપ્રાગટ્ય સાથે કથા પ્રારંભ થયો હતો. પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સાથે વડીલ સંતો, યજમાનો અને દાતાશ્રીઓ દીપપ્રાગટ્યમાં જોડાયા હતા. મહોત્સવમાં ઉપસ્થિત યજમાનો, દાતાઓ, મહેમાનો આદિને મહંત સ્વામીના વરદ્‌હસ્તે બિલ્લા (બેઈઝ) પહેરાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સૌને મીઠો આવકાર આપી પ્રાસંગિક પ્રવચન કરતા કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પ્રસંગોચિત વાત કરતાં જણાવ્યું કે ભુજ મંદિરે દીકરીઓના અભ્યાસની ચિંતા સેવી આવા વિશાળ અને તમામ સુવિધાઓથી સજ્જ વિદ્યા મંદિરનું નિર્માણ કરી દીકરીઓના શિક્ષણની સગવડ કરી આપી છે. હવે તેના વિકાસની, પ્રગતિની અને નિભાવની જવાબદારી નિભાવવાની છે. તેના માટે સેવા દ્વારા સહકાર આપવા તિથિઓ નોંધાવી પોતાનું યોગદાન આપવા ભારપૂર્વક જણાવ્યું હતું. દાતાઓ, યજમાનો, સંતો અને હરિસેવકોની સેવા અને શ્રમને બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ્રથમ દિવસે બે પ્રતિમાઓનો અનાવરણ વિધિ કરવામાં આવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ કન્યા છાત્રાલય મધ્યે સુંદર અને મનોહર શ્રી સહજાનંદ સ્વામીની પ્રતિમાનું અને શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર મધ્યે વિદ્યાની દેવી શ્રી સરસ્વતી માતાની ભવ્ય અને દિવ્ય મૂર્તિનું અનાવરણ કરાયું હતું. બંને મૂર્તિઓના અનાવરણમાં પ.પૂ. મહંત સ્વામી સાથે સ.ગુ.

## આમંત્રણ

**॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥**

**શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ ઉપસનાની દૃઢતા માટે ઠેક ઠેકાણે નવા મંદિરોના નિર્માણ કરવાની સેવા ભુજ મંદિર દ્વારા કરવામાં આવી રહી છે. આવા જ એક અંજાર તાલુકાના નિંગાળ ગામે મંદિરનું નવનિર્માણ થઈ રહ્યું છે.**

**નિંગાળ મધ્યે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ત્રિદિનાત્મક પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ નીચે મુજબના દિવસોમાં કરવામાં આવશે.**

**પ્રારંભ : ફાગણ વદ ૪ તા. ૫-૩-૨૦૧૮ સોમવાર**
**પૂર્ણાહુતિ : ફાગણ વદ ૬ તા. ૭-૩-૨૦૧૮ બુધવાર**
**મૂર્તિપ્રતિષ્ઠા : ફાગણ વદ ૬ તા. ૭-૩-૨૦૧૮ના રોજ**

**આ પ્રસંગે મહંત સ્વામી તથા વડીલ સંતો તેમજ દાતાશ્રીઓ ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરશે.**

**તા. ૪–૩–૨૦૧૮ ફાગણ વદ ૩ રવિવારના સાંજે ૪:૩૦ કલાકે પોથીયાત્રાનું આયોજન કરેલ છે.**

**આ પ્રસંગે સર્વે સત્સંગી હરિભક્તોને સપરિવાર પધારી ઉત્સવનો આનંદ માણવા આમંત્રણ પાઠવવામાં આવે છે.**

**- પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી**

સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત ઉપરાંત યજમાનો દાતાઓ આદિ જોડાયા હતા.

પંચાહ્ન પારાયણ દરમ્યાન વિદ્વાન વક્તાશ્રીઓએ કથામાં આવતા પ્રસંગોને સદષ્ટાંત તાદ્દશ રીતે વર્ણવીને શ્રોતાગણના હૃદયમાં ભક્તિરસની ધારા વહાવી હતી. શ્રી ઘનશ્યામ જન્મોત્સવ સમયે તો એક અનેરો અલૌકિક માહોલ નિર્માણ થયો હતો. શ્રી કોડાય ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય સાથે પ્રસ્તુત થયેલ શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય પ્રસંગે સૌના મન મોહી લીધા હતા. 'ધર્મ ઘેર આનંદ ભયો....'ના જયઘોષ સાથે અલૌકિક આનંદની અભિવ્યક્તિ સાથે હરિભક્તો, સંતોએ પ્રસંગને મનભરીને માણ્યો હતો.

ભુજ મંદિર દ્વારા આયોજિત કચ્છના મહોત્સવનું સૌને વિશેષ આકર્ષણ રહેલું છે. અમદાવાદ, મૂળી, જેતલપર, વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરા આદિ ધામેધામથી પાવનકારી પવિત્ર સંતો પધાર્યા હતા અને આશીર્વાદસહ દર્શનનો લાભ આપ્યો હતો.

સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ પ્રસન્નતાપૂર્વક પ્રતિભાવ આપતાં ભારપૂર્વક જણાવેલું કે કલ્પનાતીત થોડા સમયમાં આ વિશાળ અને ભવ્ય સંકુલનું નિર્માણ થયું છે. સ્વામીએ રાજીપો વ્યક્ત કરતાં સંતોની મહેનત અને હરિભક્તોની જહેમતને બિરદાવી હતી. સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજીએ ભુજ મંદિર દ્વારા થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓની સવિસ્તાર માહિતી આપી, વડીલ સંતની દીર્ઘદૃષ્ટિ સાથેની સૂઝ સભર સમજ દ્વારા હરિભક્તોના સંતાનો માટે વિદ્યાભ્યાસ માટે ઊભી કરવામાં આવી સવલતોની વાતમાં ભુજ મંદિર દ્વારા વિદ્યાર્થી ભવનાની સ્થાપનાથી લઈ વિદ્યાલયો, ગુરુકુળો, કોલેજો, કન્યા કેળવણીની સંસ્થાઓ સુધીના સવિસ્તર ઈતિહાસ પ્રસ્તુત કરી, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં આ કન્યા વિદ્યામંદિરના રૂપમાં એક સોનેરી પૃષ્ઠ ઉમેરાયું છે તેવું જણાવેલ. સંતો, યજમાનો, દાતાઓને બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

શિક્ષણ પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ દીકરીઓના શિક્ષણ માટે સુવિધાસભર વિદ્યાધામની પ્રાપ્તિને શ્રીહરિની કૃપા ગણાવી હતી અને વિદ્યામંદિરના વિકાસ માટે તત્પર રહેવા સૌને અપીલ કરી હતી. હરિભક્તોની સેવાઓને અને ખંતપૂર્વક પરિશ્રમ કરી દીકરીઓના શિક્ષણ માટે મહેનત કરનારાઓને બિરદાવ્યા હતા.

સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીના અંતરનો આનંદ તેમના મનનીય અને હૃદયસ્પર્શી પ્રવચનમાં સ્પષ્ટ જણાઈ આવતો હતો. વચનામૃતની વાતો અને દૃષ્ટાંતો રજૂ કરીને ભુજ મંદિર દ્વારા શિક્ષણ પ્રત્યેની જાગૃતિ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવીને દીકરીઓના સંસ્કાર અને સત્સંગ માટે અતિ મહત્ત્વનું યોગદાન આ વિદ્યામંદિર દ્વારા પ્રાપ્ત થશે એવું જણાવી યજમાનો અને દાતાઓને બિરદાવ્યા હતા. સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ


## જાહેર આમંત્રણ

**કચ્છશ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ**

# ૧૫મી સત્સંગ શિબિર
# પવિત્ર તીર્થધામ હરિદ્વારમાં

દરવર્ષે યોજાતી લાભપાંચમ શિબિર આગામી વર્ષે યુવક મંડળની સ્થાપનાને ૧૫ વર્ષ પૂર્ણ થતાં પવિત્ર ગંગાના કિનારે હરિદ્વારમાં યોજાશે. તા. ૨૭/૯/૨૦૧૮ થી ૧/૧૦/૨૦૧૮ સુધી પાંચ દિવસના ભવ્ય આયોજનમાં ભુજ મંદિરના વડીલ અને યુવાન સંતો તથા સાં.યો. બહેનોની હાજરીમાં હજારો યુવાનો યુવતીઓ જોડાશે. આપ સૌ દેશ-વિદેશથી પણ જોડાઇ શકશો, શિબિરમાં ભાગ લેનારે ફોર્મ ભરવો ફરજીયાત છે.

**- યુવક મંડળ કાર્યાલય, ભુજ**

વિદેશને પોતાની કર્મભૂમિ બનાવનારા હરિભક્તો આપણા અભિન્ન અંગ છે તેવા ભાવ સાથે જણાવ્યું કે તેઓ મહેનતપૂર્વક વિદેશમાં કમાય છે અને પોતાની કમાણીનો સદુપયોગ દેશમાં સત્સંગના અને સંપ્રદાયના સદ્કાર્યોમાં કરી સંતોનો રાજીપો અને સત્સંગીઓનો પ્રેમ પામે છે. આવા દાતાઓ સંતોની પ્રેરણાથી શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે વિદ્યાદાનમાં પણ પોતાનું અનન્ય યોગદાન આપી રહ્યા છે. દાતાઓને બિરદાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા. સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજીએ જણાવ્યું કે આવા ભવ્ય અને વિશાળ સંકુલના નિર્માણ માટે યોગ્ય સ્થળે ખૂબ મોટા પ્રમાણમાં ભૂમિની આવશ્યકતા રહે છે અને આટલી મોટી જમીન મેળવવાનું કામ સરળ નથી અને એમાંય આટલી મોટી જમીનનું દાન કરવા તો વિરલા જ તૈયાર થાય. તમામ પ્રકારની જોગવાઈ હોય પણ જમીન ન હોય તો સંકલ્પો ફળીભૂત નથી થતા. દીકરીઓ માટે વિદ્યાસંકુલનું નિર્માણ કરવાનું સપનું જમીનદાતાઓના કારણે જ સાકાર થયું છે. સંતોની પ્રેરણા અને શ્રીજી મહારાજ પ્રત્યેની નિષ્ઠા, શ્રધ્ધા અને સમર્પણભાવ ધરાવતા સંત વચનને અનુસરતા ભૂમિદાતાઓને બિરદાવ્યા હતા.

આપણા સમૈયામાં જ્યારે જ્યારે આચાર્ય મહારાજશ્રી પધારે ત્યારે ત્યારે મહોત્સવમાં મહાલતા હરિભક્તોમાં અહોભાવ સાથે હર્ષ હિલોળે ચડે છે. ૫.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના પાવનકારી પગલા થતાં જ ઉત્સવના આનંદમાં અનેક ઘણી વૃધ્ધિ થઈ ગઈ. આચાર્ય મહારાજશ્રીના આદર-સત્કાર-સન્માનના પ્રતીક સમી શ્રીઠાકોરજીની અને આચાર્ય મહારાજશ્રીની ભુજ-માંડવી રોડથી શરૂ થયેલી શોભાયાત્રામાં હજારો હરિભક્તો, સંતો, મહાનુભાવો, છાત્રો અનેરા ઉત્સાહ સાથે ઉમંગભેર જોડાઈ ગયા હતા. દસે દિશાઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષથી ગાજી ઊઠી હતી. આ ભવ્ય શોભાયાત્રામાં પરંપરાગત રીતે માંડવી પ્રદેશની કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની ભજન મંડળીઓ પોતાની આગવી પધ્ધતિથી ઈશ્વરના ગુણગાન ગાતા કીર્તનો-નૃત્યો રજૂ કરી ઠાકોરજીની અને આચાર્ય મહારાજ તથા સંતોની પ્રસન્નતા પ્રાપ્ત કરી રહી હતી. શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય, ભુજની વિદ્યાર્થિનીઓની બેન્ડ પાર્ટીએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. ગણવેશમાં સજ્જ છાત્રાઓ તાલ અને લયબધ્ધ રીતે સંગીતની સૂરાવલિઓ રેલાવી પોતાની સંગીતકલાની નિપુણતા દર્શાવી રહી હતી. પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાતા આજના યુગમાં આપણા સંપ્રદાયના યુવાવર્ગને ભક્તિના રંગે રંગાયેલા જોઈ અનહદ આનંદ થતો હતો. યુવક-યુવતીઓ પૂર્ણ શ્રધ્ધા અને ભક્તિભાવથી શોભાયાત્રામાં જોડાઈને શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષથી વાતાવરણમાં છવાઈ ગયા હતા. સંપ્રદાયના સંસ્કારો અને ભારતીય પરંપરાના દર્શન આ શોભાયાત્રામાં થતા હતા. ઠાકોરજીનાં, આચાર્ય મહારાજશ્રીનાં, મહંત સ્વામીનાં અને વડીલ સંતોનાં દર્શન કરી શોભાયાત્રીઓ ધન્ય થતા હતા. વાજતે-ગાજતે ભવ્ય શોભાયાત્રા કન્યા વિદ્યામંદિરે પહોંચી હતી.

આચાર્ય મહારાજશ્રીના આગમન, સંતોના સાંનિધ્ય અને વિદ્યામંદિરનાં ઉદ્ઘાટન મહોત્સવની ખુશાલીના પ્રતીક સ્વરૂપે શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, માંડવીની વિદ્યાર્થીનિઓએ સંસ્કારોનું નિરૂપણ કરતો સુંદર મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરે રજૂ કરી સૌની પ્રશંસનીય દાદ મેળવી હતી.

તા. ૨-૧-૨૦૧૮નો દિવસ સૌ માટે અતિ આનંદદાયક હતો. એ દિવસે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઈ રૂપાણી પધારવાના હતા અને વિદ્યા સંકુલની વિધિવત્ ભેટ મળવાની હતી.

માનનીય મુખ્યમંત્રીના આગમન સાથે જ વાતાવરણમાં એક નવી ચેતનાનો સંચાર જોવા મળ્યો. મહંત સ્વામી દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ઉમળકાભેર સ્વાગત-સન્માન કરવામાં આવ્યું. ઉપરાંત મહોત્સવમાં પધારેલ ધારાસભ્યો, પધાધિકારીઓ, કલેક્ટરશ્રી, સરકારી અમલદારો આદિનું યથોચિત સ્વાગત સન્માન કરવામાં આવેલ. સ્મૃતિ પ્રતીક તથા સન્માનપત્ર અર્પણ કરી મુખ્યમંત્રીનું વિશેષ સન્માન કરાયું હતું. પ્રાતઃસ્મરણીય

મહંત સ્વામી અને અતિ આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર સંકુલનું ઉત્સાહવર્ધક વાતાવરણમાં હજારો હરિભક્તો, સંતો, શિક્ષણપ્રેમી મહાનુભાવો, ધારાસભ્યો, યજમાનો, દાતાઓ અને વિદ્યાર્થિનીઓની ઉપસ્થિતિમાં વિધિવત્ રીતે લોકાર્પણ કરવામાં આવ્યું. કન્યા વિદ્યામંદિરની મુલાકાત લેતાં છાત્રાઓ માટે કરવામાં આવેલ સુવિધાઓ અને અદ્યતન શૈક્ષણિક સાધનો અને સગવડોથી મુખ્યમંત્રીશ્રી અત્યંત પ્રભાવિત થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કરતાં જણાવેલું કે ભુજનું શ્રી સ્વામિનારાયણ મંદિર વર્ષોથી સામાજિક કાર્યોમાં અને આપત્તિજનક પરિસ્થિતિઓમાં પણ સદાય સરકારની સાથે જ રહે છે. આજે જ્યારે નારી સશક્તિતરણ, બેટી બચાઓ, બેટી પઢાઓ જેવા ઉત્કર્ષયુક્ત પ્રકલ્પો સરકારે હાથ ધર્યા છે ત્યારે સરકારે કરવાનું કાર્ય આ વિદ્યામંદિરનાં નિર્માણ સાથે ભુજ મંદિરે કર્યું છે અને સરકારના સંકલ્પો પૂર્ણ કરવામાં સહભાગી થયું છે.

આ મહોત્સવમાં વિદ્યામંદિરના અભિન્ન અંગ એવા શ્રી સ્વામિનારાયણ કન્યા છાત્રાલય, શ્રીહરિ પ્રાર્થના મંદિર, શ્રી નરનારાયણદેવ ભોજનાલય, શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, અદ્યતન સુવિધાથી સજ્જ કોમ્પ્યુટર લેબ, વિશાળ લાયબ્રેરી, મુખ્ય કાર્યાલય આદિનાં ઉદ્‌ઘાટનો જે તે વિભાગના દાતાઓને સાથે રાખીને પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ્વામીના વરદ્ હસ્તે કરાયા હતા. મહોત્સવ દરમ્યાન દાતાઓ, યજમાનો, હરિસેવકો, સંતો સૌનાં યથોચિત સન્માન હારતોરા અને સ્મૃતિપ્રતીકો અર્પણ કરી પ.પૂ. મહંત સ્વામી અને વડીલ સંતો દ્વારા કરવામાં આવ્યા હતા.

સદૈવ વંદનીય મહંત સ્વામીએ આશીર્વચન ઉદ્‌બોધનમાં દીકરીઓને ભણાવવાની વાત કરતાં કન્યા કેળવણીની આવશ્યકતા, અનિવાર્યતા અને મહત્ત્વની વિગત આપી હતી. વિદ્યા સંકુલના સંકલ્પને સાકાર કરનાર દાતાઓ-યજમાનોને પહેરામણી સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સંતોની મહેનત અને તેમાંય બાંધકામ સમિતિના સંતોનો વિશેષ ઉલ્લેખ કરી તેમને પણ સન્માનિત કરી આશીર્વાદ પાઠવ્યા હતા. સાં.યો. બહેનોને ભારપૂર્વક જણાવતાં કહ્યું કે આ વિદ્યામંદિર દ્વારા દીકરીઓમાં સાંપ્રદાયિક સંસ્કારોનું બીજારોપણ થશે અને તેની માવજત કરી સંસ્કારો પૂર્ણ રીતે પાંગરે તેની જવાબદારી ગંભીરતાપૂર્વક સાં.યો. બહેનોએ નિભાવવાની છે. આવા ઉત્સવો દ્વારા પરસ્પર એકતાના ભાવ જાગે છે તે ભાવને જાળવી રાખી સદાય શ્રીજી મહારાજમાં શ્રધ્ધા રાખી સત્કાર્યો કરતા રહી ભક્તિમાં દૃઢતા લાવવાની ભલામણ કરી હતી. પ.પૂ. મહંત સ્વામીએ બ્રહ્મનિષ્ઠ સંતોની કર્તવ્યનિષ્ઠાને પ્રસન્નતાપૂર્વક બિરદાવતાં જણાવ્યું કે જવાબદારીઓ ખંતપૂર્વક નિભાવી નિયત સમય મર્યાદા કરતાં પણ ઝડપથી અને ચોકસાઈ પૂર્વકનું સચોટ કાર્ય પાર પાડવું એ નાની વાત નથી. માત્રા આઠ માસ જેટલા ટૂંકા સમયગાળામાં આવા ભવ્ય અને વિશાળ પ્રોજેક્ટને સંપૂર્ણપણે કોઈ પણ જાતની ચૂક વગર આપણી બાંધકામ સમિતિના સંતોએ પાર પાડી પોતાના સમર્પણભાવને ઉજાગર કરેલ છે. બાંધકામ તથા મહોત્સવની મુખ્ય સમિતિના કર્તવ્યપરાયણ સંતો કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવન દાસજી, કોઠારી શા. સ્વામી નારાયણમુનિ દાસજી, પુરાણી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. પ.પૂ ધ.ધુ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે અત્યંત પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપતાં દાતાઓ-યજમાનોને બિરદાવીને જણાવ્યું કે આવા હરિભક્તો સત્કાર્યો દ્વારા સન્માન પ્રાપ્તિના સાચા હક્કદાર બને છે. ગૃહસ્થજીવનમાં દીકરીઓ અને તેમાંય શિક્ષિત દીકરીઓનું મહત્ત્વ સમજાવતાં તેમજ સંસ્કાર અને શિક્ષણની અનિવાર્યતા પર ભાર આપી ભુજ મંદિર દ્વારા કન્યા શિક્ષણને લગતી પ્રવૃત્તિઓની નોંધ લઈને બિરદાવી હતી. જયારે ભુજ મંદિર દ્વારા કન્યા કેળવણીનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે તેમજ દીકરીઓ માટે સંપૂર્ણ સવલતો અને અદ્યતન સાધનો સાથેના કન્યા વિદ્યામંદિરો બની રહ્યા છે ત્યારે સૌ

સત્સંગી હરિભક્તો પોતાની કન્યાઓને શિક્ષિત અને સંસ્કારી બનાવવા માટે આવા વિદ્યાલયોનો લાભ લે તેમજ તેના વિકાસ માટે સંપૂર્ણ સહયોગ આપે તેવું જણાવેલ.

મહોત્સવ દરમ્યાન સુંદર રાત્રી કાર્યક્રમોએ અનેરું આકર્ષણ જમાવ્યું હતું. તા. ૨૯મીના સાંજે રાસોત્સવ તથા રાત્રે સ્વામી શ્રીજીનંદનદાસજી આદિએ ભજન સંધ્યા રજૂ કરી ભજન-કીર્તનોની રમઝટ બોલાવી હતી. તા. ૩૦મી એ ભુજના કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ, તા. ૩૧મીએ માંડવીના કન્યા વિદ્યામંદિરની છાત્રાઓએ તેમજ તા. ૧ના રોજ માંડવીના સંસ્કારધામના વિદ્યાર્થીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

મહોત્સવનું સુયોગ્ય અને અસરકારક સંચાલન સભાસંચાલક શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા સ્વામી ઉત્તમચરણદાસજીએ કર્યું હતું. ભોજન તથા રસોડાની વ્યવસ્થા પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પહેરામણી તથા સ્ટેજ વ્યવસ્થા સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી ધર્મચરણદાસજીએ સંભાળી હતી. યુવક મંડળ અને યુવતી મંડળે પીરસવાની તથા પાર્કીંગની વ્યવસ્થા સંતોના માર્ગદર્શન હેઠળ સંભાળી હતી. સૌ સંતો અને હરિભક્તોનો સંપૂર્ણ સહયોગ અને સાથસહકાર સાંપડ્યો હતો.

-સ્વામી દિવ્યસ્વરૂપદાસજી

---

## પંચાહ્ન પારાયણ : નાગલપર-માંડવી

ગામ નાગલપર (માંડવી) મધ્યે શ્રી ઘનશ્યામ લીલામૃત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ ધામધૂમથી ઉજવાયો. જેના યજમાન અ.નિ દાદા કેશરાભાઈ વાલજી વેકરીયા, દાદીમા અ.નિ ધનબાઈ તથા માતુશ્રી અ.નિ. વાલબાઈની પુણ્યસ્મૃતિમાં તથા સંતો-ભક્તોની પ્રસન્નતાર્થે સુપુત્રો પ્રેમજીભાઈ કેશરા, પુત્ર કુંવરજીભાઈ, ધ.પ. રામબાઈ તથા રામજીભાઈ, રવજીભાઈ, હરજીભાઈ, નારણભાઈ, જાદવજીભાઈ આદિ સમસ્ત પરિવાર રહ્યા હતા. વક્તા શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને શા. સ્વામી નારાયણપ્રિયદાસજી રહ્યા હતા. સંગીતકાર સ્વામી નિર્ભયચરણદાસજી તથા સભાસંચાલક સ્વામી મહાપુરુષદાસજી તથા સ્વામી હરિકૃષ્ણદાસજીએ સંભાળ્યું હતું. આ પ્રસંગે આચાર્ય મહારાજશ્રીએ પધારીને દર્શન-આશીર્વાદ આપ્યા હતા. માંડવી મંદિરેથી દરરોજ બંને ટાઈમ મહંત સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ હાજરી આપી હતી. ભુજ તથા અંજારથી પણ સંતોએ પધારીને આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર મહોત્સવનું સંચાલન સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી હરિમુકુંદદાસજીએ સંભાળ્યું હતું. સાં.યો. બહેનો પણ દરરોજ સભામાં પધારીને બહેનોને દર્શન આપતા હતા.

- કો. સ્વામી સંતજીવનદાસજી

---

## મહામંત્ર ધૂન : રામપર, વેકરા

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી શ્રીજી મહારાજને અતિ પ્રિય એવા પ્રસાદી ધામ રામપર-વેકરા મધ્યે મેરાઈવાડીમાં તા. ૬-૧-૨૦૧૮ શનિવારે અ.નિ. સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની પુણ્યસ્મૃતિમાં પવિત્ર ધનુર્માસ નિમિત્તે પાવનકારી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસાદી સ્થળનું મહાત્મ્ય એવું છે કે અહીંના હરિભક્ત લક્ષ્મણભાઈએ ભગવાન શ્રી સ્વામિનારાયણને આ સ્થાને રોટલો જમાડેલ અને શ્રીજી મહારાજને પ્રસન્ન કર્યા હતા. રામપર, રામપર નવોવાસ, વેકરા, વાડાસર આદિ ગામના સત્સંગી હરિભક્તોએ ભક્તિભાવ સાથે ધૂનમાં જોડાઈ સત્સંગનો લાભ લીધો હતો. ભુજ મંદિરેથી વડીલ સંતો સ.ગુ. સ્વામી સનાતનદાસજી, મંડળધારી સંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સહિત સંતોએ પધારી દર્શન અને આશીર્વાદનો લાભ આપેલ. સાં.યો. બહેનો પણ ધૂનમાં જોડાયાં હતાં.

ગંગાનદીના તટ પર સ્થિત શ્રીહરિ તપોવન ગુરુકુળના વિદ્યાર્થીઓએ ધૂનની રમઝટ બોલાવી હતી. અને ધૂનના પ્રસાદનો લાભ લીધો હતો. સુખપર મધ્યે આવેલ શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાના ભૂદેવ

છાત્રોને પણ પ્રસાદ અપાયો હતો.

ધૂનના પ્રસાદના યજમાન ગામ રામપરના અ.નિ. રૂડા હરજી વેકરીયા હસ્તે માવજી રૂડા વેકરીયા પરિવારે ઉત્સાહપૂર્વક યજમાનપદ શોભાવ્યું હતું. જ્યારે સંતો તેમજ સાં.યો. બહેનોના પ્રસાદના યજમાન મનજીભાઈ કરસન કેરાઈ કેન્ટન હેરો (લંડન) રહ્યા હતા.

સૌ હર્ષોલ્લાસ સાથે ઉમંગભેર ધૂનમાં જોડાયા હતા અને ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

- સ્વામી સનાતનદાસજી

---

## શાકોત્સવ : નાગપુર

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં ઉપસ્થિત રહી હરિભક્તો સાથે જે આનંદની ઘડીઓ વીતાવીને સૌને પ્રસન્ન કર્યા છે તે સમયને ચિરસ્મરણીય બનાવવા આપણો સંપ્રદાય તેને ઉત્સવ તરીકે ઉજવીને યાદ તાજી રાખે છે. આવા ઉત્સવો પૈકીનો એક ઉત્સવ છે શાકોત્સવ.

આપણા સંપ્રદાયમાં એ વાત અતિ જાણીતી છે કે લોયા મુકામે શ્રીજી મહારાજે પોતે શાકનો વઘાર કરીને હરિભક્તોને સ્વહસ્તે ભોજનપ્રસાદ પીરસીને તૃપ્ત અને ધન્ય કર્યા હતા. એ પ્રસંગને આપણા સંપ્રદાયમાં પરંપરાગત રીતે 'શાકોત્સવ' તરીકે ઉજવવામાં આવે છે. શ્રી સ્વામિનારાયણ મંદિર, નાગપુર મધ્યે આ ઉત્સવ અતિ ભક્તિભાવ સાથે છેલ્લા ૨૫ વર્ષથી હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે અને ભુજ મંદિરના સંતો આ પ્રસંગે અચૂક હાજર રહી કથા-શ્રવણ અને આશીર્વાદનો લાભ અવશ્ય આપે છે.

આ વખતે પણ તા. ૨૪-૧૨-૨૦૧૭ રવિવારે નાગપુર મધ્યે ૨૫મો શાકોત્સવ પ્રેમ, લાગણી, શ્રધ્ધા અને ભક્તિ સાથે સંતવૃંદની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. વાત્સલ્યમૂર્તિ સ.ગુ. પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજીના મંડળના બ્રહ્મનિષ્ઠ સંતો પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી દેવનંદનદાસજી, સ્વામી નિર્ભયદાસજી અને સ્વામી મુક્તમુનિદાસજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બાજરાના રોટલા અને વૈંતાકના શાકનો ભોજનપ્રસાદ લઈ હરિભક્તો તૃપ્ત થયા હતા. લોયાના શાકોત્સવને યાદ કરી સૌએ ભક્તિમય વાતાવરણનું નિર્માણ કર્યું હતું.

- મોહન માવજી પટેલ, નાગપુર

---

## શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજીના વિદ્યાર્થીઓ દ્વારા "આપણો પતંગ" વિશેષ પવૃત્તિ

તા. ૧૧-૦૧-૨૦૧૮, ગુરુવારના રોજ શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, રામપર-વેકરા ખાતે સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીની પ્રેરણા અને ગુરુકુલ દ્વારા સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિરના પ્રધાનાચાર્ય નયનભાઇ ચાવડાના આયોજન દ્વારા આગામી મકરસંક્રાંતિ પર્વના સંદર્ભે સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપ "આપણો પતંગ" નામે પતંગ બનાવવાની વિશેષ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિ અંતર્ગત ધો.૬ થી ૯ અને ૧૧ના તમામ વિદ્યાર્થીઓને સમસંખ્યામાં કુલ - ૨૨ ટુકડીમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. વિવિધરંગી ચાર્ટ પેપર, સળી, ગુંદર અને ગુંદર પટ્ટીથી દરેક ટુકડીને એક મોટું અને ચાર નાના પતંગ બનાવવાના હતા. સંઘ ભાવનાથી કાર્ય કરતાં આ બાળ કલાકારોએ અવનવા આકારોમાં જોત-જોતાંમાં કુલ - ૨૨ મોટાં અને ૮૮ નાનાં આકર્ષક પતંગો બનાવ્યા હતાં.

વિદ્યાર્થીઓની અદ્‌ભૂત પ્રવૃત્તિને બિરદાવતા સ્વામી સત્યજીવનદાસજીએ બાળકો દ્વારા નિર્મિત પતંગ દ્વારા શ્રીઠાકોરજીના મંદિરનો શણગાર કર્યો ત્યારે સમય પહેલાં મકરસંક્રાંતિનું મનોહર વાતાવરણ ખડું થયું હોય એવું પ્રતિત થયું. સંસ્થા પ્રમુખ શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજી અને પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજીએ આ વિશેષ પ્રવૃત્તિ બદલ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ટ્રસ્ટીશ્રી હરજીભાઇ વેકરીયાએ સ્વાદિષ્ટ અડદીયાનો પ્રસાદ આપી સૌને ખુશ-ખુશાલ કર્યા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા શાળાના નિયામકશ્રી તેમજ શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી.

અહેવાલ : યાજ્ઞિક પોકાર

## ધનુર્માસની ઉજવણી : હીરાપર

પરંપરાગત ઉજવાતા ધનુર્માસની શ્રી સ્વામિનારાયણ મંદિરે ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. ઉત્સવ દરમિયાન વહેલી પ્રભાતે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, પ્રભાતિયાં, આરતી, અન્નકૂટ, ઠાકોરજીના થાળનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ લાભ લીધો. યુવાનો અને બાળકો પણ એમાં સામેલ રહેતા. દૈનિક પ્રસાદના યજમાન થવાનો લહાવો હરિભક્તોએ લીધો હતો.

- કાનજીભાઈ સુથાર

---

## ત્રિ-દિવસીય રાત્રી સત્સંગ સભા : ભક્તિનગર

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભક્તિનગરમાં તા. ૨,૩,૪-૧-૧૮ સુધી ત્રિ-દિવસીય રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી ઉત્તમચરણદાસજી, કોડાય ગુરુકુલથી સ્વામી કૃષ્ણજીવનદાસજી વગેરે સંતો પધાર્યા હતા. સ્વામી કૃષ્ણજીવનદાસજીએ વંદુના પદનો મહિમા સમજાવ્યો હતો. સ્વામી ધર્મચરણદાસજીએ સભાનું સંચાલન સંભાળ્યું હતું. સ્વામી ઘનશ્યામદાસજીએ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સમજાવ્યો હતો. ત્રણે દિવસ સુધી પ્રસાદીના યજમાન રહ્યા હતા. -જોધાણી રમીલા દેવજી

---

## ધનુર્માસની ઉજવણી : સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે એક માસ સુધી ધનુર્માસની ઉજવણી કરવામાં આવી હતી. સવારે મંગળા આરતી કર્યા બાદ, કથા-વાર્તા કરવામાં આવતી. ત્યારબાદ "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂન કરવામાં આવતી. બહોળી સંખ્યામાં હરિભક્તોએ વહેલા ઊઠી ધૂનનો લાભ લીધો હતો. દરરોજ જુદા જુદા હરિભક્તોએ ધનુર્માસના પવિત્ર દિવસોમાં પ્રસાદીના યજમાનપદનો લ્હાવો લીધો હતો. વાજિંત્રોના નાદ સાથે સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કરવામાં આવતો. ત્યારબાદ ધનુર્માસના અંતિમ દિવસ એટલે કે મકરસંક્રાતિના દિવસે (પુણ્યકાળનો દિવસ) ગાયોને ઘાસચારો, બ્રાહ્મણોને દાન આપવામાં આવ્યા હતા. આ દિવસે સાંજે મંદિરના ચોકમાં ઠાકરથાળીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં હરિભક્તો પધારી ઠાકરથાળીમાં રાસોત્સવનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ પધારેલ સર્વે હરિભક્તોને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. એક માસ સુધી કરેલ સ્વામિનારાયણ મહામંત્રના જાપ સાથે ધનુર્માસની પુર્ણાહૂતિ કરી પ્રસાદ લઈ સર્વે હરિભક્તો છૂટા પડ્યા હતા.

- કિશોર આર. પિંડોરીયા, સુખપર

---

## ધનુર્માસ ઉજવણી : ભચાઉ

ભચાઉના માંડવી ચોક મધ્યે આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરે તા. ૧૬-૧૨-૧૭ થી તા. ૧૪-૧-૧૮ સુધી ધનુર્માસની ભાવભેર ઉજવણી કરવામાં આવી. દરરોજ વહેલી સવારે મંગળા આરતી, સ્તુતિ, શિક્ષાપત્રી વાંચન, વચનામૃત વાંચન બાદ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સંગીતના સથવારે સુમધુર સ્વરે રજૂ કરવામાં આવતી. તેમજ ધનુર્માસ દરમ્યાન આવતાં પાંચેય રવિવારે બપોરે હરિભક્ત દાતાઓ દ્વારા શાકોત્સવ ઉજવવામાં આવ્યા હતા. જેનો બહોળી સંખ્યામાં નગરજનોએ દરરોજ લાભ લીધો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટીશ્રી બાબુલાલ નાનજીભાઈ ખુથીયા, સત્સંગી અગ્રણી ફતેહસિંહજી ગજુભા જાડેજા તેમજ શામજી નીશર, હીરજીભાઈ વરસાણી, ગોવિંદ પટેલ, ઘનશ્યામ પટેલ, દેવાભાઈ પટેલ સહિત હરિભક્તોએ જહેમત ઉઠાવી હતી.

વિશેષમાં અહીં છેલ્લા નવ માસથી શ્રી સ્વામિનારાયણ મંદિરે દર એકાદશીના દિવસે ૮ થી ૯ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવે છે અને તેનો બહોળી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

એક વર્ષ દરમ્યાન આવતી તમામ એકાદશીના દિવસે દાતાશ્રીઓ દ્વારા પ્રસાદ આપવામાં આવે છે.

- ફતેહસિંહજી ગજુભા જાડેજા, ભચાઉ

## શ્રી સહજાનંદ ગુરુકુલનો યુવાદીપ સ્નેહ મિલન ઉજવાયો

**॥ પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભુવી યત્સુકૃતં મહત્ ॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ સંદેશને આગળ રાખીને તીર્થધામ ભુજ શૈક્ષણિક પ્રવૃત્તિ કરી રહ્યું છે. તે પૈકીનું શ્રી સહજાનંદ ગુરૂકુલ સંચાલિત શ્રી પુરૂષોત્તમ વિદ્યાલય માનકુવા, આ શાળામાં વિદ્યાર્થીઓ સારો અભ્યાસ કરીને અને હજુ પણ ઉચ્ચ અભ્યાસ ચાલુ જ છે. પણ ઘણા વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કરી કારકિર્દીની સફળ શરૂઆત કરી છે. જેમ કે ઘણા યુવકોએ કન્સ્ટ્રકશનમાં જોડાયા, તો કેટલાક મુંબઇ જેવા શહેરમાં પોતાનો વ્યવસાય ચલાવે છે. કેટલાક યુવકો એકાઉન્ટીંગની સર્વિસ કરે છે. તો કોઇ શીપીંગ કંપનીમાં સારા હોદા ઉપર કાર્યરત છે. તો કોઇ પોલીસ પી.એસ.આઇ જેવી સરકારી નોકરીમાં પણ જોડાયેલા છે. આ ઉપરાંત માર્કેટીંગ જેવા વિવિધ ક્ષેત્રમાં પણ સર્વિસ કરે છે. વિદ્યાર્થીઓ પોતાની આ સફળતામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સંતોના રાજીપાનો મોટો ફાળો રહેલો છે એમ માને છે અને સ્વીકારે છે. આ યુવાદીપ સ્નેહ મિલનમાં સંતો ને યુવકો દ્વારા આયોજીત કાર્યક્રમ, પ્રાતઃપૂજા, સૂર્યનમસ્કાર, યોગાસનો, સંત સમાગમ વગેરે દ્વારા જીવનમાં અરસપરસ સત્સંગ જાળવી રાખવાનો આત્મીય ભાવ સુદ્રઢ થાય એવા મંડળના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ.શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સંતોએ આવેલા યુવકોને રૂડા આશીર્વાદ પાઠવ્યા. વર્ષ ૨૦૦૩ થી લઇને ૨૦૧૭ સુધીમાં શિક્ષણ, ધાર્મિક સંસ્કાર અને સંસ્કૃતિને જીવનમાં ઘડીને સારો અભ્યાસ કરી હાલમાં પોતાની કારકિર્દીનું નિર્માણ કરતા (૨૫૦) જેટલા પૂર્વ વિદ્યાર્થીઓનું. **યુવાદીપ સ્નેહ મિલન** નું આયોજન ભુજ મંદિરના સંતોના આશીર્વાદ હેથળ તા. ૬.૧.૧૮ થી ૭.૧.૧૮ ના સંપન્ન થયું. -સંચાલકશ્રી શા. સ્વામી ગોલોકવિહારીદાસજી

## ધનુર્માસ અંજાર મંદિર

સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા અનુસાર દર વર્ષે એક માસ સુધી ધનુર્માસ નો ઉત્સવ ઉજવવામાં આવે છે. તદ્ અનુસાર અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામમહારાજના પરમ સાનિધ્યામાં એકમાસ પર્યન્ત સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંગીત સાથે રાખેલ આ ધૂનનો અલભ્ય લાભ લેવા વહેલી સવારે ૦૬:૦૦ થી ૦૭:૦૦ વાગ્યાના સમયે શિયાળાની કડકડતી ઠંડીમાં પણ ૧૦૦૦ થી ૧૫૦૦ જેટલા ભક્તો પધારતા. ગાયક સ્વામી ભજનપ્રકાશદાસજીએ ધૂનની રમઝટ કરાવી ભક્તોને આનંદીત કર્યા હતા. પૂજારી સ્વામી મુનીશ્વરદાસજી તથા સ્વામી સુખસાગરદાસજીએ શ્રી ઘનશ્યામમહારાજને અવનવા શણગાર સજાવી દિવ્ય દર્શનનો લાભ ભક્તોને આપાવ્યો હતો.

ધનુર્માસ અંતર્ગત તા, ૩૧-૧-૨૦૧૭ રવિવારના સ્વામિનારાયણ મહામંત્રના પ્રાગટય દિને સવારે મહાઆરતી અને ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાઆરતીના યજમાન અંજાર બહેનોના મંદિરના મહંત સા.યો. ત્રિવેણીબેન રહ્યા હતા. અને શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. શાંતિલાલ હિરજી રાજાણી એન્ડ પરિવાર નૈરોબી-કેન્યા રામપરવાળા રહ્યા હતા. શાકનો વઘાર અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ.ગુ.શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, શા.સ્વામી સિદ્ધેશ્વરદાસજી આદિ સંતો અને યજમાન પરિવારની સાથે દેવામાં આવ્યો હતો. શાકોત્સવના પ્રરંભમાં કથા કો. શા.સ્વામી સંતસ્વરૂપદાસજીએ કરી શાકોત્સવનું રહસ્ય સમજાવ્યું હતું. સભા સંચાલન શા.સ્વામી નારાયણમુનીદાસજીએ કર્યું હતું. અંતમાં વડીલ સંતોએ આશીર્વાદ આપી યજમાન પરિવારને પહેરામણી આપી હતી.

ધનુર્માસના અંતિમ દિવસે તા, ૧૪-૦૧-૨૦૧૮ રવિવાર મકરસંક્રાંતિના દિવસે ધૂનના સમાપન નિમિત્તે હોમાત્મક સ્વામિનારાયણ મહામંત્ર મહાયજ્ઞનું

આયોજન કરેલ. જેમાં ૧૮ યજમાનોએ આહુતીઓ આપી હતી. અંતમાં સંતોએ આહુતી આપી શ્રીફળ હોમ્યું હતું. યજ્ઞના આચાર્ય પદે અંજાર મંદિરના ગોર શા.યોગેશ મહારાજ રહ્યા હતા.

ઉત્તરાયણના દિવસે શ્રીઘનશ્યામ બાલમંડળના બાળકોને પતંગ અને દોરા ઈનામ રૂપે આપી આનંદીત કર્યા હતા. ધનુર્માસમાં મહાપ્રસાદમાં અડદીયાની સાથે ચવાણું, ભેલ, જલેબી-ગાંઠીયા,રસ પૂરી, કટકારોટી વગેરે પ્રસાદ આપવામાં આવ્યો હતો. તે પ્રસાદ બનાવવામાં અને અન્ય આયોજનને પૂરું પડવા કો. સ્વામી સંતસ્વરૂપદાસજી, કો. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, સ્વામી વ્યાસમુનીદાસજી આદિ સંતોના માર્ગદર્શન હેઠળ સાંખ્યયોગી બહેનો તથા કચ્છશ્રી નરનારાયણદેવ યુંવક મંડળના યુવાનો - યુવતીઓ તથા નાગલપર વાડી વિસ્તારના યુવાનો-યુવતીઓ, બેન્સા વિસ્તારના યુવાનો-યુવતીઓ આદી નાના-મોટા ભક્તોએ ખૂબ સેવા કરી હતી. - મહેતાજી ઠક્કર મેહુલકુમાર

---

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, નારણપરની કૃતિ કેન્દ્રીય બોર્ડના વિજ્ઞાનમેળામાં રાષ્ટ્રકક્ષાએ પહોંચી

કચ્છ શિક્ષણના અંગ્રેજી માધ્યમના પ્રકલ્પમાં શિરમોર એવી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી C.B.S.E. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલે ૨૦૧૭-૧૮ના વર્ષમાં રાજ્યકક્ષાના કેન્દ્રીય બોર્ડ વિજ્ઞાનમેળામાં પસંદગી મેળવીને રાષ્ટ્ર કક્ષાએ ગૌરવ વધે એવી સફળતા પ્રાપ્ત કરી છે. રણ, જંગલ, ઘર ઉજાલા યોજના (હોમ મેઈડ પાવર હાઉસ) વિદ્યુત પ્રોજેક્ટની કૃતિએ વડોદરા ખાતે આકર્ષણ જગાવ્યું હતું. સુરત, અમદાવાદ, રાજકોટ જેવા મહાનગરોની ખાનગી અંગ્રેજી માધ્યમની શાળાઓ વચ્ચેની સ્પર્ધામાં કચ્છ અને તેમાં પણ ગ્રામ્ય વિસ્તારના ખેડુતવર્ગના વિદ્યાર્થી વાઘજીયાણી નરેન્દ્ર (મેઘપર) અને વિદ્યાર્થિની ત્રિવેદી આસ્થા (કેરા) ધોરણ ૧૦એ નોંધપાત્ર તૈયારીઓ સાથે રજૂઆત કરતા પ્રથમ જીલ્લા, રાજ્ય અને હવે નેશનલ લેવલે દિલ્હી અથવા બેંગ્લોર ખાતે વિજ્ઞાનમેળામાં ભાગ લેશે.

આ અમારી સંસ્થા માટે ઐતિહાસિક સફળતા છે. એવું જણાવતા સંસ્થાના સંચાલક સંતો સ.ગુ. સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી તથા સ્વામી દિવ્યપ્રકાશદાસજીએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આશીર્વાદ પાઠવ્યા હતા તથા સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તથા ડાયરેક્ટર શ્રી ઓ.પી. પરાસર તથા આચાર્યશ્રી સાંકેતસિંહએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. -આચાર્યશ્રી

---

## ધનુર્માસ પર્વ ઉજવણી : માંડવી

આપણા દેશમાં હિન્દુ સંપ્રદાયમાં ઉત્સવોને પ્રાધાન્ય અપાયેલ છે. પરમકૃપાળુ શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં તથા પૂજ્ય સંતોની સભામંડપમાં સર્વોપરી ‘સ્વામિનારાયણ’ મહામંત્રના મંત્રજાપનો અલૌકિક ધ્વનિ સમગ્ર માંડવી શહેર તેમજ સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં સ્વામિનારાયણ મંદિરો છે ત્યાં ત્યાં પ્રસરી જાય છે. હજારો ભક્તજનો મહામંત્ર ધૂનમાં કડકડતી ઠંડીમાં સ્નાન પૂજા-પાઠ કરી ધૂનનો લાભ લઈ જીવનને શ્રીહરિમાં તન્મય બનાવી દે છે. હજારો ભક્તો માસિક અને દૈનિક ધૂનમાં યજમાનનો લાભ લઈ અન્યને પ્રેરણારૂપ બને છે. આમ આખા મહિનાના ભજનથી આખા વરસને જીવનભરની પુણ્યની કમાણી થાય છે. જેની કોઈ ગણતરી નથી.

આ ધનુર્માસની ધૂનમાં વિવિધ પકવાનો શ્રીઠાકોરજીને અર્પણ કરવાની સેવા અને પ્રસાદ બનાવવાની સેવા પુરાણી સ્વામી પુરુષોત્તમચરણદાસજી તથા ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ કરી. સિંહાસનમાં બિરાજતા દેવોના નયનરમ્ય શૃંગાર સજવાની સેવા પુજારી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી અને સ્વામી વ્રજજીવનદાસજીએ કરી. ઉપરાંત વિવિધ પ્રકારના મિષ્ટાન નમકીન વગેરે સ્વાદિષ્ટ વ્યંજનો ધરાવી ઈષ્ટદેવને રાજી કરવાની સેવા પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી કરી.

ધૂનની સેવા કરનારા યજમાનોનું સન્માન પુ.

મહંત સ્વામી નિરન્નમુક્તદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી મહાપુરુષદાસજી તથા સ્વામી જયકૃષ્ણદાસજી દ્વારા કરવામાં આવ્યું. સભામંચ પરનું સફળ સભાસંચાલન સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું. પ્રસાદ વિતરણ તેજ ધૂન કરવાની સેવા માંડવી વિસ્તારના યુવક મંડળે કરી. ધૂનના અંતિમ દિને યજમાન પ.ભ. લાલજીભાઈ મનજીભાઈ ગાજપરીયા, સુપુત્ર સુરેશ, પૌત્ર જયેશ તથા વિનોદ દ્વારા શાકોત્સવની ઉજવણી કરવામાં આવી.

સમગ્ર ઉત્સવને સફળ બનાવવા કોઠારી સ્વામી સંતજીવનદાસજીએ જહેમત ઉઠાવી હતી. સર્વે હરિભક્તોને પ્રેમપૂર્વક ઈષ્ટદેવનો સદાય રાજીપો રહે અને ધન-ધાન્ય સદાય ભરપૂર રહે એવા આશીર્વાદ પાઠવ્યા હતા. - કોઠારી સ્વામી સંતજીવનદાસજી

---

## ભવ્ય શાકોત્સવ એવં રાસોત્સવ : કાંદિવલી, મુંબઈ

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ, કાંદિવલી-મુંબઈ દ્વારા તા. ૭-૧-૧૮ રવિવારના રોજ કાંદિવલીમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાર્લા મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી નીલકંઠચરણદાસજી ઉપસ્થિત રહ્યા હતા. વક્તાપદે પુરાણી સ્વામી કપિલમુનિદાસજીએ લોયામાં શ્રીજી મહારાજે શાકોત્સવ કર્યો તે કથા દ્વારા આબેહૂબ સમજાવીને સારંગપુરમાં મહારાજ પાસે ભક્તોએ માંગેલ ફગવાની કથા કરી સત્સંગમાં બળ પ્રેરક પ્રસંગો કહ્યા. અંતમાં સ.ગુ.પુ. સ્વામી નીલકંઠચરણદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સંતો સાથે ભક્તોએ મન મૂકીને રાસોત્સવનો આનંદ માણ્યો હતો.

આ શાકોત્સવમાં સ્થાનિક હરિભક્તો સાથે રહી રસોડાની સેવા સંભાળી અને લોયાના શાકોત્સવની યાદ તાજી કરાવી. અંદાજે ૭૦૦ જેટલા હરિભક્તો અને સ્થાનિક લોકોએ આ શાકોત્સવમાં લાભ લીધો હતો. આ ઉત્સવમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળે સંપૂર્ણ સેવાનો લાભ લીધો હતો. સભા સંચાલન પુરાણી સ્વામી રામપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. આ ઉત્સવમાં શાકોત્સવ મહાપ્રસાદ સાથે રાસોત્સવ-ધૂન-કીર્તનનો લાભ લઈ હરિભક્તોએ આવા ઉત્સવ અવારનવાર કરવા સંતોને વિનંતી કરી હતી.

**શાકોત્સવ :** ગોરાઈ, ચારકોપ, મુંબઈના આંગણે ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ મંદિરથી સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી ઉપસ્થિત રહ્યા હતા. જે સમજે તે સુખી થાય એ વિષય પર પુરાણી સ્વામી કપિલમુનિદાસજીએ કથાવાર્તા કરી હતી. સભાસંચાલન પુરાણી સ્વામી રામપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. અંતમાં સ.ગુ.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. શાકોત્સવમાં આસરે ૫૦૦ જેટલા ભક્તોએ લાભ લીધો હતો. -પુરાણી સ્વામી કપિલમુનિદાસજી

---

## વસંતપંચમી : કોડકી

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલ શિક્ષાપત્રીની ૧૯૩મી જયંતી નિમિત્તે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા વિશેષ સભા કરવામાં આવી હતી. તેમાં યુવાનો અને વડીલો સાથે મળીને દરેક હરિભક્તે ૧-૧ એમ મળીને શિક્ષાપત્રીના ૧૦૦ પાઠ કરવામાં આવ્યા હતા. વસંતપંચમીના દિવસે સવારે ૬:૦૦ વાગ્યે સ્વામી મુરલીમનોહરદાસજીના હસ્તે શિક્ષાપત્રીનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ મંદિરમાં વાજિંત્ર મંડળી સાતે ભગવાન સન્મુખ બેસીને સમૈયા ઉત્સવ કરવામાં આવ્યો. સાંજે ૬:૦૦ વાગ્યે આખા ગામમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નાદ સાથે સંધ્યાફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

- યુવક મંડળ સંચાલક, કોડકી

---

## શ્રી સહજાનંદ ગુરુકુલ, માનકુવા દ્વારા ધનુર્માસ / વસંતપંચમીની ઉજવણી કરાઈ

શ્રી સહજાનંદ ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભક્તિભાવ પૂર્વક ભજનનો

ઉત્સાહ વધાર્યો. ધનુર્માસમાં ભુજ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં દરરોજ વહેલી સવારે ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધૂન, થાળ વાજિંત્રોના તાલીની સાથે કરવામાં આવેલ. તેમાં હજારો હરિભક્તો ભાઈ-બહેનો પધારી ભજનનો લાભ લેવા અને પ્રસાદનું યજમાન પદ સ્વીકારવા પધારતા.

આ વર્તમાન વર્ષમાં માનકુવા શ્રી સહજાનંદ ગુરુકુલના વિદ્યાર્થીઓ હાડ ધ્રુજાવતી કડકડતી ઠંડીમાં ગુરુકુલના વાહનોમાં બેસી ધૂન કરવા પધારતા. ગુરુકુલના સંચાલક સંતો શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી ઘનશ્યામવલ્લભ દાસજીની પ્રેરણા અને પ્રોત્સાહનથી આ વર્ષમાં (૧૩૫) વિદ્યાર્થીઓ પ્રભાતની ધૂનમાં યજમાનપદ સ્વીકારી મહંત સ્વામી આદિ વડીલ સંતો-ભક્તોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. વિશેષમાં બાળકો સુંદર વેશભુષામાં ઉત્સાહભેર દાંડીયારાસ વગેરે તાલની સાથે નૃત્ય કરી ઠાકોરજી તથા સંતો-ભક્તોનો રાજીપો મેળવ્યો હતો. ઉત્તરાયણ મકકસંક્રાંતિના પર્વે પતંગોત્સવ ઉજવાયો હતો.

વસંતપંચમી : ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે લખેલ સર્વજીવહિતાવહ સંદેશ. શ્રી શિક્ષાપત્રી (૧૯૩)મી જયંતી શ્રી સહજાનંદ ગુરુકુલના બાળકો વહેલી સવારે પાઠપૂજા કર્યા પછી સંતો શા. સ્વામી નારાયણપ્રિયદાસજી તથા શા. સ્વામી ગોલોકવિહારી દાસજીના મુખે શિક્ષાપત્રીના પ્રત્યેક શ્લોકે પૂજન, ગાયન કરી ઉત્સવ ઉજવાયો હતો. અને વસંતના વધામણારૂપે પ્રસાદ અપાયો હતો.

- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, ભુજ

---

## ધનુર્માસ તથા શાકોત્સવની ઉજવણી : રાપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, રાપર(વાગડ)ના આંગણે તા. ૧૬-૧૨-૧૭ થી તા. ૧૪-૧-૨૦૧૮ સુધી ધનુર્માસની નિત્ય ધૂન વહેલી સવારે ૬:૦૦ થી ૭:૦૦ સુધી વાજિંત્રો સાથે કરવામાં આવી. જેમાં દરરોજ લગભગ ૭૦૦ જેટલા હરિભક્તો ભાઈઓ-બહેનો લાભ લેવા પહોંચતા હતા.

સંતોની હાજરીમાં, સાં.યો. બહેનોની ઉપસ્થિતિમાં બંને મંદિરોમાં ધૂન થતી. તા. ૫-૧-૧૮ થી તા. ૧૪-૧-૧૮ સુધી તમામ હરિભક્તો પોતપોતાના ઘેરથી વહેલી સવારે અવનવાં પકવાનો, મીઠાઈઓ તૈયાર કરીને લાવતા અને ભગવાનની સમક્ષ અન્નકૂટ ધરાવવામાં આવતો. જેનાં દર્શનનો દુર્લભ લાભ અવિસ્મરણીય રહ્યો.

દરરોજ નવાં નવાં યજમાનો દ્વારા ધૂન પછી આરતી ઉતારવામાં આવતી અને પૂર્ણાહુતિના દિવસે મકરસંક્રાતિના પાવન અવસરે સંતો દ્વારા શાકોત્સવની કથાની રસધારા વહેવડાવી સૌને આનંદ આપ્યો. તમામ સંતો, હરિભક્તો સાથે સાથે ધારાસભ્ય શ્રીમતી સંતોકબેન આરેઠીયા અને તેમના અંગત સચિવ અને અગ્રણી ભચુભાઈ આરેઠીયા પણ ઉત્સવને માણીને આનંદિત થયા હતા.

વક્તાપદે પુ. સ્વામી કેશવપ્રિયદાસજીએ શાકોત્સવની કથા કરી અને વડીલ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા સ્વામી કૃષ્ણપ્રિયદાસજી અને સ્વામી શાંતપ્રિયદાસજીએ વૈતાકનો વઘાર આપી આખી સભાને મહારાજ દ્વારા ઉજવાયેલ લોયાના શાકોત્સવની પ્રગટ ઝાંખી કરાવી હતી.

ઉપરાંત ભુજ મંદિરેથી સ્વામી ત્યાગવલ્લભ દાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, સ્વામી હૃદયપ્રકાશદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી અને સ્વામી દિવ્યપ્રસાદદાસજી તથા રાપર ગુરુકુલના સંચાલક . સ્વામી શ્રીપ્રકાશદાસજી અને સ્વામી વિવેકમુનિદાસજીએ દર્શનનો લાભ આપ્યો હતો.

સંપૂર્ણ ઉત્સવના યજમાન હરજીભાઈ હરિભાઈ પોલાર અને તેમના પુત્રો રામજીભાઈ, ઘનશ્યામભાઈ, અરવિંદભાઈએ લાભ લઈ સંતોના આશીર્વાદના સહભાગી બન્યા હતા. તમામ હરિભક્તોએ, યુવાનોએ, યુવતીઓએ સેવાનો આનંદ લઈ જીવનને ધન્ય બનાવ્યું હતું.

-ઘનશ્યામ હરિભાઈ આરેઠીયા, રાપર



# સત્સંગ સમાચાર વિદેશ

## હેરો લંડનમાં શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૧મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

તા. ૨૬-૧૨-૨૦૧૭ થી તા. ૧-૧-૨૦૧૮ના રોજ આપણા લંડન મંદિર પૈકી હેરો મંદિરના શ્રીઘનશ્યામ મહારાજનો ૨૧મો વાર્ષિક પાટોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો.

તા. ૨૫ના સાંજે પોથીયાત્રામાં બહુ મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટ્યા હતા. પહેલા દિવસના પ્રથમ સત્રથી જ છેલ્લે સુધી હરિભક્તોએ હાજરી આપી હતી. આ ઉત્સવની મહત્ત્વની વાત એ હતી કે સમગ્ર મહોત્સવનું યજમાનપદ આપણા સ્વામિનારાયણ યુવક મંડળના યુવાનોના નેતૃત્વ હેઠળ હતું. મહત્ત્વની વાત તો એ હતી કે જે જે યુવાનોએ ઉત્સવ નિમિત્તે જેણે જેટલું વિશેષ ભજન કર્યું હતુ તેને યજમાનપદ તરીકે પ્રાથમિકતા આપવામાં આવી હતી. પારાયણમાં સૌને સહેલાઈથી સમજાય એવી જનમંગલ નામાવલીની કથા કરવામાં આવી હતી. જેના વક્તાપદે પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી તથા સ્વામી ભક્તિપ્રકાશદાસજી રહ્યા હતા. અને સંતોએ પણ ખૂબ ભાવ અને પ્રેમથી બધાને સમજાઈ જાય એવી સરળ ભાષામાં કથાનું રસપાન કરાવ્યું હતું. કથા પહેલા દરરોજ ભગવાનના નામની ધૂન થતી હતી.

આ ઉત્સવ દરમ્યાન નાના બાળકોએ પણ પોતાની કળા અને કૌશલ્યથી સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. યુવાનો અને આપણી આવતી પેઢીને બળ મળે એ હેતુથી કથા દરમ્યાન વ્યાખ્યાનમાળા રાખવામાં આવી હતી. જેમાં યુ.કે.માં યુવાનોની સંભાળ લેતા સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી તેમજ સ્વામી રામકૃષ્ણદાસજીએ તેમજ હાલમાં મંડળ તરીકે આવેલા પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા હેરો મંદિરના યુવાનોએ પણ (વડીલોનો આદર, આવતી પેઢીનું મુલ્યાંકન તેમજ યુવાનોનો આદર) આવા સુંદર વિષયો ઉપર સરસ વ્યાખ્યાન આપ્યા હતા. ઉત્સવ દરમ્યાન દરરોજ સાંજે યુવાનો દ્વારા વિવિધ કાર્યક્રમો થતા હતા.

પ્રથમ દિવસ : પ્રથમ દિવસે કથા બાદ વ્યાખ્યાનમાળામાં સ્વામી રામકૃષ્ણદાસજી દ્વારા આપણા વડીલોએ સત્સંગ માટે કેટલું યોગદાન આપ્યું છે તેમની સાથે કેમ આદરપૂર્વક વર્તન કરવું તેના ઉપર સરસ વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ સ્વામી બદ્રીશ્વરદાસજીએ સ્વામી ધર્મકિશોરદાસજીના પરચા દ્વારા આપણા સંતોના મહિમાની વાત કરી હતી. નર્સરીના બાળકો દ્વારા સરસ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. એવી જ રીતે આપણા મંદિરમાં ચાલતી નર્સરી શાળાના બાળકો દ્વારા પણ સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવેલો હતો.

બીજા દિવસે સાંજની કથા બાદ પુરાણી સ્વામી પરમહંસદાસજીએ આપણી આવનારી પેઢી પ્રત્યે કેવો આદરભાવ રાખવો એના ઉપર સુંદર દૃષ્ટાંતો દ્વારા વ્યાખ્યાન આપ્યું હતું અને તેજ દિવસે યુવાનો સહિત તમામ ભક્તો ભગવાનની મસ્તીમાં લીન થઈને મહારાસમાં રસ તરબોળ થયા હતા.

ત્રીજા દિવસે સાંજે કથા બાદ ચંદન વરસાણીએ ભગવાન પ્રત્યેની આપણી નિષ્ઠા મજબુત કેમ થાય તે વિષય ઉપર સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. અને તે રાત્રીએ યુવાનોએ તનતોડ મહેનત કરી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવા અને સંસ્કૃતિનું મૂલ્ય સમજાય સાંપ્રદાયિક નાટક, નૃત્ય દ્વારા સમજાવ્યું હતું.

ચોથા દિવસે સવારના કથા સત્રબાદ સ્વામી વિવેકસાગરદાસજીએ ચીરઈના હનુભા દરબારની વાતથી સંતોની સાથે જોડાવાથી કલ્યાણ થાય છે સમજાવી

આશિષ આપ્યા હતા. સાંજના સત્રબાદ મનસુખ વેકરીયાએ સેવાના મહિમા ઉપર સરસ વ્યાખ્યાન આપ્યું હતું. તેજ રાત્રીએ યુવતીઓનો કાર્યક્રમ હતો અને યુવાનો માટે સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી ભક્તિવેદાંતદાસજી આદિ સંતોએ અલગ અલગ સત્સંગની ગેમો દ્વારા બધાને ખૂબ આનંદ અપાવ્યો હતો.

પાંચમા દિવસે સાંજે કથા સત્ર બાદ સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજીએ સતસંગમાં શરમ શાની ? આ વિષય ઉપર સરસ દૃષ્ટાંતો દ્વારા સત્સંગમાં વિઘ્ન કરતા પરિબળોને દૂર કરી ખુમારીથી સત્સંગ કેમ કરવો એના ઉપર સુંદર વાત કરી હતી. ત્યારબાદ ઉત્સવની કાયમ યાદગીરી રહે એટલા માટે એક સરસ નંદ સંતોના મુળ રાગમાં ગવાયેલા કીર્તનોની સી.ડી.નું સંતો અને ભક્તો દ્વારા વિમોચન તેમજ રાત્રે ભજન સંધ્યાનું આયોજન થયું હતું. જેમાં સંગીતકાર સ્વામી ભક્તિવેદાંતદાસજી તેમજ આપણા હેરો મંદિરના યુવાનો દ્વારા સરસ વાજિંત્રોના નાદ સાથે તૈયાર થયેલ સી.ડી.ના લાઈવ શો દ્વારા સહુ ભક્તોને કીર્તનો સંભળાવ્યા હતા.

છઠ્ઠા દિવસે સાંજના કથા સત્ર બાદ આશિષભાઈ કેરાઈએ એકતા વિષય ઉપર પ્રેઝન્ટેશનના માધ્યમથી આપણા સત્સંગ તેમજ સમાજમાં એકતા કેમ જળવાય તે સુંદર છણાવટ સાથે સમજાવ્યું હતું. અને ધજાનો ચડાવો કરવામાં આવ્યો હતો. જેમાં યુવકમંડળે ધજાનો ચડાવો લીધો હતો.

મહોત્સવનો અંતિમ દિવસ ઉત્સવનો મુખ્ય દિવસ હતો. સવારથી જ મંદિર ભરચક થઈ ગયું હતું. સવારે ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજનો ભવ્યાતિભવ્ય મંદિરના ગોર દિનેશ મહારાજથી વેદોક્ત મંત્રો અને શ્રીઘનશ્યામ મહારાજનો પંચામૃત અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક પછી ભગવાનની આગળ ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કળશ ઉપર ધજા ચડાવવામાં આવી હતી. અંતમાં પુરાણી સ્વામી પરમહંસદાસજીએ સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. અંતમાં ઉત્સવમાં જેમણે નાની મોટી સેવા કરી હતી તે સૌને બિરદાવવામાં આવ્યા હતા. અને કમિટીએ સૌ ભક્તોનો આભાર માન્યો હતો. ઉત્સવનું મુખ્ય આકર્ષક કેન્દ્ર શ્રી ઘનશ્યામ મહારાજનું સુવર્ણ સિંહાસન હતું. પૂજ્ય મહંત સ્વામી તથા સ્વામી પરમહંસદાસજી અને તમામ ભક્તોનો એક સંકલ્પ છે કે ભગવાનનું સિંહાસન સુવર્ણનું થાય આ ઉત્સવ દરમ્યાન આ વાતને સૌ સંતો ભક્તો આગળ ખુલ્લી મુકવામાં આવી હતી અને બધાએ આ વાતને વધાવી હતી. અને આવનારા સમયમાં શ્રી ઘનશ્યામ મહારાજનું સુવર્ણ સિંહાસન થશે અને સૌને માટે દર્શનીય બની રહેશે.

વાતને વધાવતા દાનવીર દાતાઓ દાન અર્પણ કરવાનું શરુ કરી દીધેલ અને મોટા દાતાઓને સભામાં નવાજવામાં આવેલ. પાટોત્સવના દિવસો દરમ્યાન બેન્ડ અને લેઝીમમાં ભાગ લેનાર યુવાનોએ તેઓના વાંજિત્રો દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજ અને હરિભક્તોને રાજી કરેલા હતા.

પૂજ્ય મહંત સ્વામી અને આચાર્ય મહારાજના શુભ આશીર્વાદ સભામાં વિડીયો દ્વારા આપવામાં આવેલા.

પાટોત્સવના મુખ્ય યજમાન શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ હેરો તથા વર્ષ દરમ્યાન અને ઉત્સવ દરમ્યાન સર્વે સ્વયંસેવકો અને દાનવીર દાતાઓએ ખૂબ સેવા કરેલી જેમનો મંદિર તરફથી ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

- પ્રમુખશ્રી : સુરેશભાઈ શિવજી રાબડીયા

- મંત્રીશ્રી : રીકીનભાઈ દિનેશ કેરાઈ

---

## મહિમા શિબિર : યુ.કે.

અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી આપની ભાવી પેઢીને વ્યસન અને ફેશનથી બચાવવા અને સાચો અધ્યાત્મિક રસ્તો બતાવવા માટે શ્રી નરનારાયણદેવ યુવક

મંડળની તથા વિદેશમાં શ્રી સ્વામિનારાયણ યુવક મંડળની સ્થાપના કરી.

અત્યારના વર્તમાન મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને આજ્ઞાથી યુવાનો અને બાળકોમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભક્તિની જ્યોત અખંડ પ્રગટતી રહે તે માટે શિબિરોના આયોજનો કરવામાં આવે છે.

મહંત સ્વામીની આજ્ઞાથી યુ.કે.માં આપણા આઠ મંદિરોના યુવાનો અને યુવતીઓ, બાળકો અને બાલિકાઓમાં સત્સંગનું બળ, મહિમાનું બળ પુરું પાડવા ક્રિસમસ હોલિડેમાં તા. ૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૭ બે દિવસીય "મહિમા" શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ભુજ મંદિરેથી પધારેલા પુરાણી સ્વામી પરમહંસદાસજી, સ્વામી બદ્રીશ્વરદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિવેદાંતદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી વિવેકસાગરદાસજી તેમજ મહંત સ્વામીની આજ્ઞાથી યુ.કે. નું યુવક મંડળ સંભાળતા શા. સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી અને સ્વામી રામકૃષ્ણદાસજીના સહયોગથી આ શિબિર યોજવામાં આવી હતી.

આ શિબિરમાં સંતો અને યુવાનો દ્વારા પૂજાનો, ભક્તનો, ભગવાનનો અને શાસ્ત્રનો મહિમા પ્રેઝન્ટેશન દ્વારા સમજાવવામાં આવ્યો હતો. યુવાન અને યુવતીઓ દ્વારા ૭ વર્કશોપ (૧) સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા, (૨) ગુરુમંત્રનો મહિમા, (૩) સંત સમાગમનો મહિમા, (૪) ચેષ્ટાનો મહિમા, (૫) ધ્યાનનો મહિમા, (૬) ધર્મનો મહિમા, (૭) એકાદશીનો મહિમા, આ સાત વિષય ઉપર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ શિબિરમાં યુવાનો અને યુવતીઓએ નાના બાળકો અને બાલિકાઓને રમત-ગમતની સાથે મહિમાના પ્રેઝન્ટેશન કરેલા હતા. બાળકોમાં સંસ્કારનું સિંચન કર્યું હતું.

આ શિબિરમાં ૬૫૦ શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૧૮૦ જેટલા બાળકો-બાલિકાઓ અને ૪૭૦ જેટલા યુવાન-યુવતીઓએ ભાગ લીધો હતો.

આ શિબિરમાં આપણા નાના મોટા મંદિરોના વડીલો, કમિટીના સભ્યો, યુવાનો-યુવતીઓ, બાળકો-બાલિકાઓને ખૂબ ઉત્સાહ અને પ્રોત્સાહન આપ્યું હતું. દરેક શિબિરાર્થીઓના માતા-પિતા પણ ખૂબ રાજી થયા હતા.

આ શિબિર શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, કેન્ટન હેરોમાં કરવામાં આવી હતી. આ મંદિરના વડીલો, કમિટીના સભ્યો પોતાના બાળકો સમજીને બાળકો-બાલિકાઓ, યુવાન-યુવતીઓને બોલવા-ચાલવામાં, જમવા-રહેવામાં પૂરી સુવિધાઓ આપી હતી.

આ શિબિરમાં બધા શિબિરાર્થીઓને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો અને બધા યુવાન યુવતીઓ બાળકો, બાલિકાઓને એવું લાગ્યું કે આ શિબિર આપણા જીવનમાં ખૂબ પ્રેરણાદાયક બની છે. એમ સમજીને બધા પોતાનું જીવન મહિમા સભર બનાવાની ઈચ્છા ધરાવીને વિદાય લીધી. આ શિબિરમાંથી શિબિરાર્થીઓ વિદાય લીધી ત્યારે દરેકનું હૃદય ભરાઈ આવ્યું અને કેટલાક યુવાન-યુવતીઓની આંખોમાં આશું પણ આવ્યા હતા.

- સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી

---

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, લંગાટા મધ્યે ધનુર્માસ પર્વની ઉજવણી કરાઈ

શ્રી સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા આ પવિત્ર ધનુર્માસ પ્રસંગે વિવિધ પ્રસંગોનું આયોજન કરવામાં આવેલ.

**(૧) સ્વામિનારાયણ મહામંત્રની ધૂન :** દરરોજ વહેલી સવારે ૫:૪૫ થી ૬:૧૫ સુધી વિવિધ પ્રકારના વાજિંત્રોના સૂર સાથે ૩૦૦ જેટલા ભાઈઓ બહેનો તથા ૧૫૦ જેટલા બાળકો અને બાલિકાઓ મળી જુદા જુદા રાગોમાં આખા મહિના દરમ્યાન સ્વામિનારાયણ

મહામંત્રની ધૂનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને એક શનિવારે સવારે મોટી સંખ્યામાં મહામંત્રની ધૂન પર મહારાસોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં પણ બહોળી સંખ્યામાં નાના મોટા સૌ ભાઈ-બહેનો ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

(૨) **દાન :** આ ધનુર્માસમાં અન્નદાનનો અતિ મહિમા હોવાથી મકરસંક્રાંતિના પવિત્ર દિવસે અહીંની સ્થાઈ પ્રજાને મંદિરના પટાંગણમાં આમંત્રિત કરી મંદિર તરફથી બહોળા પ્રમાણમાં જીવન જરૂરિયાત ખાદ્ય સામગ્રીનું પણ વિતરણ કરવામાં આવેલ. તેમજ એક ઝવેરી હરિભક્ત તરફથી મકરસંક્રાંતિને લક્ષ્યમાં રાખી સોનાના દાન પેઠે શ્રી ઘનશ્યામ મહારાજને સુવર્ણનો એક કીમતી મુગટ ભેટ રૂપે અર્પણ કરાયો હતો.

(૩) **સંધ્યાફેરી :** ધનુર્માસની ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે કચ્છ પ્રાંત ફરતેના એક કિલોમીટરના વિસ્તારમાં વાજિંત્ર મંડળી સાતે હજારોની સંખ્યામાં હરિભક્તોએ મહામંત્રની ધૂનની રમઝટ સાથે ફુદડીઓ ફરી વાજતે ગાજતે ઠાકોરજીની સંધ્યાફેરીમાં જોડાયા હતા. સંધ્યાફેરી બાદ ભક્તજનોને શેરડી રસ પીરસવામાં આવેલ. તેવીજ રીતે કીરીન્યાન્ગા રોડ પર સ્થિત આપના મંદિર દ્વારા વહેલી સવારે પ્રભાતફેરીનું પણ આયોજન કરી ભગવાનને રાજી કર્યા હતા.

(૪) **બ્રહ્મભોજન :** આ ધનુર્માસમાં બ્રહ્મભોજનનો વિશેષ મહિમા છે તેથી નૈરોબી વિસ્તારમાં રહેતા ત્રીસ જેટલા બ્રાહ્મણોને આમંત્રિત કરી ગોર હરીશ મહારાજની આગેવાની હેઠળ બ્રાહ્મણોએ જાતે જ રસોઈ બનાવી મહાપ્રસાદરૂપી ભોજન વડે બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હતા. બ્રાહ્મણોની દક્ષિણા પેટે હરિભક્તોએ મન મૂકીને દાન કર્યું હતું. ભોજનબાદ બાલસભા તથા ઓફિસના કાર્યકર્તાઓએ ચંદન અને પુષ્પ હાર વડે બ્રાહ્મણોનું પૂજન કરી, શાલ ઓઢાડી, દક્ષિણા આપી ચરણ સ્પર્શ કરી આશીર્વાદ પ્રાપ્ત કરી બ્રાહ્મણોને રાજી કર્યા હતા.

(૫) **ઉત્સવો :** શ્રી ઘનશ્યામ બાલસભાના બાળકો તથા યુવાનો ધનુર્માસ મોક્ષદોત્સવ પ્રસંગે મંદિરમાં રાતવાસો કરી સવારે વહેલા ઊઠી પવિત્ર થઈ ભગવાન માટે પાક્કા થાળ બનાવી ભગવાનને જમાડી હરિભક્તોને પ્રસાદનો લાભ અપાવ્યો હતો. તેમજ માસના છેલ્લા દિવસે દરેક સિંહાસનમાં બિરાજિત દેવો આગળ વિવિધ પ્રકારના વ્યંજનો તૈયાર કરી અન્નકૂટ પૂર્યો હતો. અને યજમાન પરિવાર તરફથી મંદિરના તમામ હરિભક્તોને નાસ્તારૂપી ભોજનનું પણ આયોજન કરવામાં આવેલ.

ધનુર્માસ અધ્યનોત્સવ નિમિત્તે ઠાકોરજીને વિદ્યાભ્યાસ કરાવા માટે પાટી, પેન, સ્ટેશનરી, પુસ્તકો તેમજ સંગીતના સાધનો મૂકી દરરોજ સિંહાસનોને સુશોભિત કરવામાં આવતા.

ધનુર્માસ વન મહોત્સવને અનુલક્ષીને મકરસંક્રાંતિને દિવસે આખાય મંદિરને તથા સિંહાસનોને ફરતે વૃક્ષવેલીઓ, ઝાડો, ફૂલદાનીઓ અને પશુ પક્ષીઓ મૂકી વન અને જંગલ જેવું રમણીય દશ્ય ખડું કરી ઠાકોરજીને વિહાર કરાવેલ.

આવી રીતે આ વર્ષે પવિત્ર ધનુર્માસમાં હોંશ અને ઉત્સાહ પૂર્વક વિવિધ આયોજનો કરી ભગવાનને રાજી કરવાના પ્રયાસ કરેલા.

---

## સત્સંગ શિબિર : શીશલ્સ

તા. ૧-૧-૨૦૧૮, સોમવારના દિવસે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા દરિયા કિનારે સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો, બાલિકાઓ, યુવાનો, યુવતીઓ આમ સર્વે મળી ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ૪૦૦ થી વધારે સત્સંગીઓ આ શિબિરમાં જોડાઈને લાભ લીધો હતો. જેમાં કથા-વાર્તા, અંતાક્ષરી તથા રાસોત્સવ જેવી ધાર્મિક પ્રવૃત્તિ તથા સંગીત ખુરશી, બોટલ-બોલપેન, કારપેટ દોડ, ફુગ્ગા દોડ, ત્રિ-પગી દોડ જેવી રમત-ગમતનું પણ આયોજન કરેલ હતું. અંતમાં વડીલ પ.ભ. ધનજીભાઈ મુરજીભાઈ હિરાણીએ આભારવિધી અને ભલામણો સાથે આ શિબિરની પૂર્ણાહુતિ કરી હતી.

- નારણ હિરજી વાઘાણી

# સંતદાસજીની સમાધિ




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

શ્રીજીમહારાજ કચ્છમાં ફરતા હતા. ફરતા ફરતા તેરા ગામમાં આવ્યા. સાથે ઘણા સંતો હતા.

તેમાં એક સંતદાસજી નામના સંત હતા.

તેઓ મહા યોગી હતા, ધ્યાનમાં બેસે ત્યારે કલાકો શું દિવસો સુધી ભાનમાં આવે નહિ. અને ભાનમાં હોય ત્યારે પણ શ્રીજીમહારાજના સ્વરૂપમાં એવા મસ્ત કે કોઈ ખવડાવે ત્યારે ખાય, પીવડાવે ત્યારે પીએ. અને ઘણીવાર તો મહારાજ પોતે એમની સંભાળ રાખતા, પોતે ખવડાવતા અને પીવડાવતા!

તેરા ગામના હરિભક્તો બધા ખેડૂત હતા. સાધુઓનો મુકામ પણ ખેડૂતોના ઘરોમાં હતો.

મહારાજ અહીં કેટલાક દિવસ રોકાયા. તેઓ રોજ ભાગવત વંચાવતા અને વાર્તાલાપ કરતા, છેલ્લી રાતે મહારાજે કહ્યું કે સવારે ત્રણ વાગે અમે અહીંથી ચાલશું અને ભુજ તરફ થઈને ગુજરાત જશું. આવું નક્કી કરીને બધા છૂટા પડ્યા.

સંતદાસજી પોતાના ઉતારે જઈને એક થાંભલા પાછળ ધ્યાનમાં બેસી ગયા અને ધ્યાન લગાવી ઊંડી સમાધિમાં ઊતરી ગયા.

વહેલી સવારે મહારાજ અને સંતો તેરા ગામથી નીકળ્યા, ત્યારે બધા સંતો એમની સાથે હતા, પણ સંતદાસજી કોઈને યાદ આવ્યા નહિ, હરિભક્તો મહારાજને ભાગોળ સુધી વળાવવા આવ્યા.

પછી સૌએ વિચાર કર્યો કે હવે ઊંઘીને શું કામ છે ? ખેતરોમાં કડબ પડી છે તે ઘરભેગી કરી દઈએ.

આમ વિચારી બધા ગાડાં જોડી ખેતરે ગયા, અને ખેતરમાંથી ચાર કડબ લાવી ઘરમાં ભરવા લાગ્યા. મહારાજ ઉતર્યા હતા તે જગ્યા પણ ચારથી ભરાઈ ગઈ અને સંતો ઊતર્યા હતા તે પણ ચારથી ભરાઈ ગઈ. અંધારામાં કોઈએ સંતદાસજીને જોયા નહિ, અને ત્યાંય ચાર ભરી દીધી. સંતદાસજી ચારની નીચે ઢંકાઈ ગયા. કોઈને એની ખબર પડી નહિ.

આમ છ મહિના વીતી ગયા.

શ્રીજીમહારાજ ફરી ભુજ પધાર્યા, ત્યારે તેરા ગામના હરિભક્તો એમનાં દર્શન કરવા ભુજ આવ્યા. દર્શન કરીને મહારાજને મીઠો ઠપકો આપતાં કહે, ‘‘મહારાજ છ છ મહિના સુધી નહિ આપનાં દર્શન કે નહિ કોઈ સાધુનાં દર્શન, આ કેવી વાત!’’

ત્યારે મહારાજે કહ્યું, ‘‘વાહ કેવી વાત કરો છો તમે, એક સાધુને તો અમે તમારી પાસે મૂકી ગયા છીએ!’’

હરિભક્તોની નવાઈનો પાર ન રહ્યો. તેમણે કહ્યું, ‘‘મહારાજ સાધુ શું ને વાત શું ? અમે તો કોઈ સાધુને જોયા નથી!’’

ત્યારે મહારાજે હસીને કહ્યું, ‘‘ઠીક છે, પાંચ છ દિવસ પછી હું તેરા આવું છું. ત્યારે તમને સાધુ દેખાડીશ!’’

હરિભક્તોને બધી વાત કોયડા જેવી લાગી અને કાંઈ સમજાયું નહિ. તેઓ બધા પાછા તેરા આવ્યા અને કાંઈક ચમત્કાર જોવાની આશાએ મહારાજની પધારવાની રાહ જોવા લાગ્યા.

છઠ્ઠે દિવસે મહારાજ પધાર્યા.

તેરા અને કાળી તળાવ બે ગામ નજીક નજીક છે. બન્ને ગામના હરિભક્તોએ અહીં મહારાજનો ભાવથી સત્કાર કર્યો, મહારાજે સભામાં ભગવાનના મહિમાની વાતો કરી.

પછી આ હરિભક્તોએ કહ્યું, ‘‘મહારાજ, તમે અમને ભુજમાં કહેલું કે અમે એક સાધુને તેરા મૂકી ગયા છીએ, તો હવે અમને એ સાધુ દેખાડો!’’

મહારાજે કહ્યું, ‘‘ચાલો દેખાડું.’’

આમ કહી મહારાજ ઉઠ્યા, અને એમની પાછળ બધા હરિભક્તો ચાલ્યા. જે કોઠમાં છ મહિના પહેલાં સાધુઓ ઊતર્યા હતા, ત્યાં જઈને મહારાજ ઊભા.

હરિભક્તો કહે, ‘‘મહારાજ, અહીં તો બધે ઘાસ ભર્યું છે.’’

મહારાજે કહ્યું, ‘‘ઘાસ હટાવો, અમારે પણ સાધુનાં દર્શન કરવાં છે.’’

કોયડો વધારે ને વધારે જટિલ બનતો જાય છે એવું સૌને લાગ્યું પણ મહારાજની આજ્ઞા પ્રમાણે સૌએ ઘાસના પૂળા ખસેડવા માંડ્યા. બધું હટી ગયા પછી જોયું તો એક થાંભલા પાછળ સંતદાસજી સમાધિ લગાવીને બેઠેલા હતા.

બધા આ દૃશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયા.

મહારાજે કહ્યું, ‘‘સૌ મંત્રજાપ કરો, સાધુને જગાડવા છે.’’

એક સામટો સ્વામિનારાયણ મંત્રનો જાપ શરુ થઈ ગયો. મહારાજ પોતે સંતદાસજીની સામે ઊભા.

સંતદાસજી સમાધિમાંથી જાગ્યા તેમણે આંખ ઉઘાડી, સામે જ પ્રસન્ન વદને ઊભેલા શ્રીજીમહારાજને જોયા, સમાધિનું ફળ હાથોહાથ મળી ગયું!

આ મહાયોગી સંતદાસજી.

## -: જાણવા જેવું :-

### ભગવાનની અદ્‌ભુત રચના

૧. દરેક વ્યક્તિનું નાક તેના અંગૂઠા જેટલું હોય છે !

૨. આંગળીઓના નખ પગના નખ કરતા ચાર ગણા ઝડપથી વધે છે !

૩. લોહીના એક બિંદુમાં આશરે ૧૦૦ મિલિઅનથી વધુ રક્તકણો સમાયેલા હોય છે. અને દરરોજ ૨ મિલિઅનથી વધુ રક્તકણો નાશ પામે છે. અને રોજ એટલા જ ઉત્પન્ન થાય છે !

૪. માનવનું હૃદય દિવસમાં ૨૭,૯૪૯,૩ લીટર જેટલું વોહી રક્તવાહિનીઓ દ્વારા ખેંચે છે અને શુદ્ધ કરે છે !

૫. જ્યારે માણસ બોલે છે ત્યારે ૭૨ જેટલા સ્નાયુઓ કાર્યરત થાય છે !

---

## -: ભક્ત પ્રહ્‌લાદ:-

એકવાર અસુરોના રાજા હિરણ્યકશિપુએ કઠિન તપ કરી બ્રહ્માજી પાસેથી વરદાન મેળવ્યું કે, 'હું માનવ કે પશુથી, અસ્ત્ર કે શસ્ત્રથી ન મરુ, દિવસે કે રાતે, ઘરમાં કે બહાર, આકાશ કે પૃથ્વી પર ન મરુ.' આમ, વરદાન મેળવી તે પોતાને ભગવાન માનવા લાગ્યો અને સૌને પોતાની જ પૂજા કરવાનો આદેશ આપ્યો.

હિરણ્યકશિપુને પ્રહલાદ નામે અક પુત્ર હતો. તે બાળપણથી જ ભગવાનની ભક્તિ કરે. પિતા સમજાવે કે મારી ભક્તિ કર, પ્રહલાદ જવાબ આપતો કે, ભગવાન નારાયણ જ સર્વશક્તિમાન છે અને એજ ભગવાન છે.

હિરણ્યકશિપુથી આ સહન ન થયું. તેણે પ્રહ્‌લાદને વિષ્ણુ ભગવાનની ભક્તિ ન કરવા ઘણો સમજાવ્યો. અસુર ગુરુ પાસે આશ્રમમાં મુક્યા. કયાંય ફાવ્યો નહિ એટલે ગુસ્સે થઈને સૈનિકોને હુકમ કર્યો - 'ખતમ કરી દો.. પ્રહ્‌લાદને..!'


સૈનિકોએ પ્રહ્‌લાદ મારી નાખવા કેટલાય પ્રયત્નો કર્યા. પર્વત પરથી નીચેં ફેંક્યો, ઝેરી નાગ કરડાવ્યા, ઝેર પીવડાવ્યું, હોલિકા સાથે અગ્નિમાં બેસાડ્યા. છતાં, ભગવાનની કૃપાથી પ્રહ્‌લાદને જરાય આંચ ન આવી. પ્રહ્‌લાદનું ભગવાને રક્ષણ કર્યું એના આનંદમાં હોળી ઉત્સવ કરવામાં આવે છે.

છેવટે હિરણ્યકશિપુએ પ્રહ્‌લાદને કહ્યું, કે તારો વિષ્ણુ આ થાંભલામાં છે ? પ્રહ્‌લાદ કહે હા, ત્યારે હિરણ્યકશિપું તલવારનો ઘા કર્યો. ત્યાં જ થાંભલો ફાટયો અને તેમાંથી અડધા સિંહ અને અડધા મનુષ્ય જેવું રૂપ ધારણ કરી નૃસિંહ ભગવાન પ્રગટ થયા. હિરણ્યકશિપુનો નાશ કરી ભક્ત પ્રહ્‌લાદની રક્ષા કરી.

જયારે ભક્તને ભીડ પડે છે ત્યારે ભગવાન ભક્તની રક્ષા કરવા પધારે છે.

## -: શબ્દ રચના :-

મિત્રો, આપણા ભારત દેશમાં બાર જ્યોતિર્લિંગ આવેલા છે. યાત્રા કરવા જાતા ભક્તો એમના દર્શન કરી આનંદનો અનુભવ કરે છે. એ જ્યોતિર્લિંગના બાર નામો નીચે આપેલા ખાલી ખાનામાં ગોઠવો.



## -: ગત કોયડાનો જવાબ :-

ચો | રી | ન | ક | ર | વી

માં | સ | ન | ખા | વું

જુ | ગા | ર | ન | ર | મ | વો

આ | ત્મ | ઘા | ત | ન | ક | ર | વો

હિં | સા | ન | ક | ર | વી

દા | રુ | ન | પી | વો

વ | ખા | ણ | ન | ક | ર | વા

અ | પ | મા | ન | ન | ક | ર | વું

તિ | લ | ક | ક | ર | વું

જ | પ | ક | ર | વો

સ | મા | ગ | મ | ક | ર | વો

મા | ન | સી | પૂ | જા | ક | ર | વી

ચાં | દ | લો | ક | ર | વો

ક | થા | ક | ર | વી

આ | ચા | ર્ય | ને | પૂ | જ | વા

સે | વા | પ | રા | ય | ણ | થ | વું

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૦/- અ.નિ. સાં.યો. વીરબાઈ ફઈ હસ્તે સાં.યો. સામબાઈ રવજી વેકરીયા, નારણપર ની.વા., વસંતપંચમી મહાસુદ પાંચમ નિમિત્તે ભેટ

૩૦૧/- દર્શિની વિનોદ ગોરસીયા, સુખપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૩૦૦/- અરજણ લખમણ ભુડીયા ધ.પ. નાનબાઈ, માધાપર, શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગે ભેટ

૨૫૧/- પ્રિયેશ દેવજી વેલજી વેકરીયા, નારણપર ની.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૧/- રૂપશી ધનજી ખુથીયા, મુંબઈ, નવું કારખાનું લીધું તે નિમિત્તે ભેટ

૨૫૦/- ચિંતન રમેશ પટેલ, સુરજપર હાલે શીશલ્સ, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૦/- તેજશ રમેશ પટેલ, સુરજપર હાલે શીશલ્સ, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ, સુત ભીમજી કરસન ધ.પ. ધનબાઈ સહપરિવાર, બળદીયા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૦૦/- કિશોર ધીરજ હીરાણી, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૦૦/- સ્નેહી જિતેશ વેકરીયા, નારણપર ની.વા., ચિ. સ્નેહીના જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- હિમાશું લાલજી પિંડોરીયા, સુખપર-રોહા, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- ખુશાલ પ્રેમજી જોધાણી હસ્તે લક્ષ્મીબાઈ, માનકુવા, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- રમેશ પરબત પિંડોરીયા, નારણપર ની.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- મેહુલ ચંદ્રવદન મહેતા હ. નીતિબેન, ભુજ, ચિ. ચિરાગના જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- શિવજી ધનજી પિંડોરીયા (માસ્તર), માધાપર, દોહિત્ર ચિં. હાર્દિકના લગ્ન પીનલ સાથે થતાં ભેટ

૧૫૧/- શિલ્પા પ્રેમજીભાઈ હાલાઈ, મેઘપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

# આગામી માસની કથાઓ

| | | | | |
|---|---|---|---|---|
| તા. ૧-૨-૧૮ | થી ૫-૨-૧૮ | મુંબઈ | કથા પારાયણ દિવસ પાંચની |
| તા. ૨-૨-૧૮ | થી ૬-૨-૧૮ | કોડકી | કથા પારાયણ દિવસ પાંચની |
| તા. ૧૩-૨-૧૮ | થી ૧૭-૨-૧૮ | ભુજ | શ્રીહરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| તા. ૧૮-૨-૧૮ | થી ૨૦-૨-૧૮ | સુખપર | રાત્રી સભા દિવસ ત્રણની |
| તા. ૧૯-૨-૧૮ | થી ૨૩-૨-૧૮ | ધાણેટી | મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| તા. ૨૭-૨-૧૮ | થી ૩-૩-૧૮ | માંડવી | રંગોત્સવ પ્રસંગે કથા પારાયણ દિવસ પાંચની |
| તા. ૫-૩-૧૮ | થી ૭-૩-૧૮ | માનકુવા | કથા પારાયણ દિવસ ત્રણની |

## :: ધર્માદો ::

**શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કરેલ આજ્ઞા પ્રમાણે પોતાની કમાણીમાંથી દશમો કે વિશમો ભાગ ધર્માદો શ્રી કૃષ્ણ ભગવાનને અર્પણ કરવો જોઈએ. આપણને શ્રીજી મહારાજ તે તે પ્રદેશને દેવ પધરાવી આપ્યા છે, એટલા માટે તે તે દેશના ભક્તોએ તે તે દેશના દેવને ધર્માદો અર્પણ કરવો જોઈએ. આપણે કચ્છના ભકતો દેશમાં કે પરદેશમાં રહેતા હોઈએ તો પણ આપણો ધર્માદો ભુજ શ્રી નરનારાયણદેવના કોઠારમાં અર્પણ કરવો. ભુજ મંદિરમાં દાન ધર્માદો અર્પણ કરવા માટે નિચે પ્રમાણેના બેંક ખાતામાં જમા કરાવી શકો છો.**

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ - ભુજ**
**A/C : 380010100039589 - IFSC CODE : BKID0003800**

**શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - ભુજ**
**A/C : 380010110004425**
**IFSC CODE : BKID0003800**


































(૧) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસની ધૂન - ભુજ. (૨) શાકોત્સવના યજમાનશ્રીઓ સંતો સાથે રાપર (વાગડ). (૩) શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ નારણપરના વિદ્યાર્થીઓની વિદ્યુત પ્રોઝેક્ટર કૃતીની નેશનલ લેવલે પસંદ કરાઈ. (૪-૬) લંડન યુ.કે.માં 'મહિમા' સત્સંગ શિબિર. (૭-૯) શ્રી સહજાનંદ ગુરૂકુલ માનકુવાના વિદ્યાર્થીઓનું યુવા દીપ સ્નેહમિલન. (૧૦) શિશલ્સમાં સત્સંગ શિબિર. (૧૧-૧૨) શિક્ષાપત્રી પૂજન તથા પ્રભાત ફેરી - કોડકી. (૧૩) ધનુર્માસ ધૂન-શાકોત્સવ તથા મકર સક્રાન્તિની ઉજવણી (અંજાર). (૧૪) શાકોત્સવ કાંદિવલી - મુંબઈ. (૧૫) શાકોત્સવ, ગોરઈ ચારકોપ-મુબઈ

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2018/UPTO 31-12-2018

# શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર રજત જયંતી (૨૫) મહોત્સવ








# લંગાટા મંદિર દ્વારા ધનુર્માસ દરમ્યાન થયેલ વિવિધ આયોજનો - નાઈરોબી

